જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । ગુરૂવાર । તા. ૨૪-૦૧-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

પ્રિયંકા ગાંધીના મહાસચિવ બનવા પર વડાપ્રધાન મોદીનો કટાક્ષ

કેટલાક લોકો માટે પરિવાર જ પાર્ટી, ભાજપ માટે પાર્ટી જ પરિવાર: પીએમ મોદી

ન્યુ દિલ્હી

કોંગ્રેસ દ્વારા પૂર્વી ઉત્તર પ્રદેશની કમાન પ્રિયંકા ગાંધીને સોંપ્યા પછી સતત નેતાઓ પોતાની પ્રતિક્રિયા આવી રહી છે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નામ લીધા વગર કોંગ્રેસ પર નિશાનો સાધ્યો હતો. મહારાષ્ટ્રના બૂથ કાર્યકર્તાઓને સંબોધિત કરતા પીએમ મોદીએ કહ્યુ કે, ''કેટલાક લોકોના માટે પરિવાર જ પાર્ટી પણ ભાજપ માટે પાર્ટી જ પરિવાર છે. માત્ર ભાજપ જ લોકતાંત્રિક સિદ્ધાંતોનું પાલન કરે છે. દેશના કેટલાક દળો જ કોંગ્રેસના ગોત્ર છે. પીએમએ આગળ કહ્યુ કે, કોંગ્રેસ મુક્ત ભારતનો મતલબ કોંગ્રેસ કલ્ચરથી છે, અમારો વિરોધ કોંગ્રેસની સંસ્કૃતિની સાથે છે.''

તમને જણાવી દઈએ કે, કોંગ્રેસ પાર્ટીની લોકસભા ચૂંટણી ૨૦૧૯ પહેલા પ્રિયંકા ગાંધીને કોંગ્રેસની મોટી જવાબદારી આપી છે. રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ પોતાની બહેન પ્રિયંકા ગાંધીને મહાસચિવ પદ આપતા પૂર્વાંચલને પ્રભારી બનાવી છે. પ્રિયંકા પાર્ટીની પારંપરિક રાયબરેલી અને અમેઠીની સીટ પરજ સક્રિય રહી છે અને ચૂંટણીની ઠીક પહેલા જ તેમને આ જવાબદારી મળવા પર કેટલાક લોકો આ કોંગ્રેસની ખાસ રણનીતિને ગણાવી રહ્યા છે,



તેઓ આગમી મહિને ફેબ્રુઆરીની પહેલા અઠવાડિયે કાર્યભાર ગ્રહણ કરશે,

પાર્ટીના ઉત્તરપ્રદેશના પ્રભારી રહેલા ગુલામ નબી આઝાદને હટાવી તાત્કાલિક રીતે હરિયાણાના પ્રભારી બનાવી દેવામાં આવ્યા છે. પ્રિયંકાને પૂર્વાંચલની કમાન મળ્યા પછી તેમના પતિ રોબર્ટ વાડ્રાએ ફેસબુક પર શુભકામના આપી છે. તેમણે લખ્યુ કે, ''હું જીવનના દરેક તબક્કા પર તમારી સાથે છું. તમે તમારું બેસ્ટ આપજો. ''પાર્ટીના વરિષ્ઠ નેતા મોતીલાલ વોહરાએ પ્રિયંકાએ પૂર્વાંચલના પ્રભારીને રૂપ પર નિયુક્ત કરવામાં આવતા તેમણે કહ્યુ કે, ''તેમણે મહત્વપૂર્ણ જવાબદારી આપવામાં આવી છે, જેનો પ્રભાવ માત્ર પૂર્વાંચલ પર જ નહી પરંતુ બીજા રાજયના વિસ્તારોમાં થશે.''

કોંગ્રેસના નેતા રાજીવ શુક્લાએ કહ્યુ કે, ''પ્રિયંકા કોંગ્રેસને ન તો માત્ર ઉત્તર પ્રદેશમાં જ નહી પરંતુ દેશને જીવિત કરશે. એક ફેબ્રુઆરી પછી વિદેશથી પરત આવીને પોતાનું પદ સંભાળશે.'' આ સિવાય પાર્ટીના જ્યોતિરાદિત્ય સિંધિયાએ મહાસચિવ બનાવતા ઉત્તર પ્રદેશ પ્રશ્ચિમના પ્રભારી બનાવવામાં આવ્યા છે. આ નિર્ણય પર રાહુલ ગાંધીએ કહ્યુ કે, ''પ્રિયંકા અને જ્યોતિરાદિત્ય સિંધિયા બંને મજબૂત નેતા છે. અમે ઇચ્છીએ છીએ કે યુવા નેતા ઉત્તરપ્રદેશની રાજનીતિને બદલે.''

ભાઈ-બહેનને જોડી કોંગ્રેસને ડુબાડશેઃ વિજય રૂપાણી

કોંગ્રેસે પ્રિયંકા ગાંધીની પૂર્વ ઉત્તર પ્રદેશમાં મહાસચિવ તરીકે નિમણુક કરી છે. આ મુદ્દે વિજય રુપાણીને સવાલ કરતા તેમણે કહ્યું હતું કે કોંગ્રેસ પરિવારવાદમાં ખતમ થતી જાય છે. કોંગ્રેસે છેલ્લે બાકી હતું તે મહામંત્રીનું પદ પણ પરિવારમાં આપી દીધું છે. કોંગ્રેસમાં પરિવાર પહેલા આવે છે અને પક્ષ પછી આવે છે. પરિવારવાદના કારણે આટલી જૂની કોંગ્રેસ હવે ખતમ થવા આવી છે. કોંગ્રેસ ડુબતુ વહાણ છે. ભાઈ-બહેનને જોડી કોંગ્રેસને ડુબાડી દેશે. કોંગ્રેસનો મૃત્યુ ઘંટ વાગી ગયો છે.

રામમંદિર નિર્માણમાં મોદી કે આરએસએસને કોઈ રસ નથીઃ તોગડિયા

ન્યુ દિલ્હી

વીએચપીના પૂર્વ આતંરરાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ પ્રવીણ તોગડિયાએ એક અંગ્રેજી સામાયિકને આપેલ ઈન્ટરવ્યુમાં એવો ઘટસ્ફોટ કર્યો હતો કે દેશના વડાપ્રધાનને તેમણે છેલ્લા ૪૩ વર્ષોમાં ક્યારેય મધ્યમવર્ગીય કે ગરીબ ચા વેચનારા માણસ તરીકે જોયા નથી. મોદીજી ફક્ત આવી તેમની ઈમેજ ઉભી કરીને લાગણીસભર વાતો કરીને દેશની જનતાની સહાનભૂતિ મેળવવા ઈચ્છતા હતા. મીડિયા સાથેના એક ઈન્ટરવ્યૂમાં પ્રવીણ તોગડિયાએ કહ્યું કે રામમંદિરના નિર્માણ કરવામાં નથી મોદીને રસ કે નથી.

કૉંગ્રેસનો માસ્ટરસ્ટ્રોકઃ પ્રિયંકા ગાંધીને રાજકીય અખાડામાં ઉતાર્યા

પ્રિયંકા ગાંધી ફેબ્રુઆરીના પહેલાં સપ્તાહથી પોતાનો કાર્યભાર ગ્રહણ કરશે

લખનઉ

કૉંગ્રેસ પાર્ટીએ 'કરો યા મરો'ની ચૂંટણી બનેલ આગામી લોકસભા ચૂંટણીની બરાબર પહેલાં 'હુકમનો એક્કો' રમી લીધો છે. ઘણી સમયની ચર્ચાઓ બાદ કૉંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીના બહેન પ્રિયંકા વાડ્રા ગાંધીની બુધવારે સક્રિય રાજકારણમાં એન્ટ્રી થઈ ગઈ અને કૉંગ્રેસે તેમને મહાસચિવ બનાવાની જાહેરાત કરી છે. તેમને પૂર્વ ઉત્તર પ્રદેશની જવાબદારી સોંપવામાં આવી છે જે ભારતીય જનતા પાર્ટીનો ગઢ છે. પ્રિયંકા ગાંધી ફેબ્રુઆરીના પહેલાં સપ્તાહથી પોતાનો કાર્યભાર ગ્રહણ કરશે. પાર્ટીએ આ સિવાય જ્યોતિરાદિત્ય સિંધિયાને એઆઈસીસીના મહાસચિવ બન્યા છે. તેમને પશ્ચિમી યુપીની જવાબદારી સોંપવામાં આવી છે. આની પહેલાં મધ્યપ્રદેશમાં તેમને ડેપ્યુટી સીએમ બનાવાની અટકળો હતી. અત્યાર સુધી ઉત્તર પ્રદેશના પ્રભારી રહી ચૂકેલા ગુલામ નબી આઝાદને હરિયાણાના પ્રભારી બનાવ્યા છે. કે.સી.વેણુગોપાલ કૉંગ્રેસ સંગઠનના પ્રભારી હશે. કૉંગ્રેસના વરિષ્ઠ નેતા મોતીલાલ વોરાએ પ્રિયંકા ગાંધીને મહાસચિવ બનાવાની પુષ્ટિ કરી છે. તેમણે કહ્યું કે પ્રિયંકાને જે જવાબદારી સોંપાઈ, તે ખૂબ જ અગત્યની છે. તેની અસર માત્ર પૂર્વી યુપી પર જ નહીં પડે, પરંતુ ઉત્તર પ્રદેશના અન્ય વિસ્તારો પર પણ પડશે. પ્રિયંકા ગાંધીના સક્રિય રાજકારણમાં આવવાની અને તેમને પૂર્વ ઉત્તર પ્રદેશની કમાન સોંપવી કૉંગ્રેસનો માસ્ટર સ્ટ્રોક મનાય છે. આ ક્ષેત્રની કેટલીય સીટો પર કૉંગ્રેસનો સારો પ્રભાવ છે. ફૂલપુરના પૂર્વ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂ સાંસદ હતા. ઈલ્હાબાદ, પ્રતાપગઢ, વારાણસી, મિર્ઝાપુર સહિતના કેટલાંય જિલ્લામાં કૉંગ્રેસનો સારો પ્રભાવ છે. યુથ કોંગ્રેસે તેના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર જણાવ્યું છે, 'ખૂબ ખૂબ અભિનંદન પ્રિયંકા ગાંધીને, ઉત્તર પ્રદેશ પૂર્વ માટે કોંગ્રેસના મહામંત્રી તરીકે નિયુક્ત થવા બદલ. અમને વિશ્વાસ છે કે તમારી સક્ષમ નેતાગીરી હેઠળ પાર્ટી જવલંત વિજય હાંસલ કરશે.'



મોટી રકમની લેવડ દેવડ કરતા હોવા છતા આઈટી રિટર્ન નહી ભરનારા પર તવાઈ

દિલ્હી

જો તમે મોટી રકમની લેવડ દેવડ કરતા હોય પણ ઈક્મટેક્સ રિટર્ન ના ભરતા હોય તો ઈક્મટેક્સ વિભાગની તપાસનો રેલો તમારા સુધી પહોંચી શકે છે. ઈક્મેટેક્સ વિભાગ આવા લોકોને ઈમેઈલ કે એસએમએસ થકી નોટિસ મોકલશે.આવકવેરા વિભાગે મોનિટરિંગ સિસ્ટમથી આવા લોકોની ઓળખ કરી છે.જેઓ કાં તો ટેક્સના દાયરામાં આવે છે પણ તેમણે ક્યારેય રિટર્ન ફાઈલ કર્યુ નથી. આવા લોકોને પહેલા નોટિસ મોકલાશે અને એ પછી તેમને રિટર્ન ફાઈલ કરવા માટે અથવા તો જવાબ આપવા માટે ૨૧ દિવસનો સમય અપાશે.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (કોઈપણ પ્રકારનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીંગ કરનાર, પ્રિ-પેડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અયૂક ફોન કરે)

MARKET4U
BHARUCH - SURAT
market4u.in
7575006850
ZAVERI

MARKET4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં જોડાઈ ઓળખપત્ર મેળવી સમાજસેવા કરવા આધાર પુરાવા સાથે જોડાવા રૂબરૂ મળો અથવા ફોન કરો

75750 06850

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટના સભ્યોએ જનસેવા અને જન સુખાકારી માટેના કાર્યો કરવાના રહેશે.

(૧) લોકજાગૃત્તિના કાર્યો જેમ કે ગરીબ કે મધ્યમ વર્ગને મળતું રાહત દરના અનાજની યોગ્ય વહેંચણી. બીપીએલ/એપીએલ કાર્ડની યોગ્ય ફાળવણી અને જરૂર જણાય સરકારમાં રજુઆતો કરવી.
(૨) રસ્તા અને શહેરની સફાઇનું અમલીકરણ, કચરાનો યોગ્ય સમયે યોગ્ય સ્થળે નિકાલ.
(૩) બાગ-બગીચાની સારસંભાળ.
(૪) શાળાઓ દ્વારા રાઇટ ટુ એજ્યુકેશનના અમલીકરણ, શાળામાં રમત-ગમતનું મેદાન હોવું જરૂરી. છોકરા-છોકરીની અલગ મૂતરડી હોવી ફરજીયાત. ફાયર-ફાઇટીંગના સાધનો ફરજીયાત હોવા જરૂરી. ડોનેશન પ્રથા નાબુદી. ગણવેશ, ચોપડા ખરીદી પર થતા વેપારને રોકવો. વિષયો પ્રમાણે ક્વોલિફાઇડ શિક્ષકો હોવા. વિગેરે બાબતોનું ધ્યાન રાખી રખાવી શિક્ષણ વ્યવસ્થા સુધારવી.
(૫) જનારોગ્ય વિશે જાગૃત્તિ દ્વારા સરકારી યોજનાઓની નાગરિકોને જામ કરવી. આવી સરકારી યોજનાઓનો લાભ ગરીબ મધ્યમ વર્ગને આપવામાં મદદરૂપ થવું જરૂર જણાય સરકારમાં રજુઆત કરવી. ઇન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓમાં યોગ્ય ફાળવણી કરાવવી.
(૬) રક્તદાન, આંખોનું દાન, અંગદાન વિશે જાગૃત્તિ લાવી પ્રેરણા પુરી પાડવી.
(૭) સમાજમાં ભાઇચારા અને વિશ્વબંધુત્વની લાગણીનો વિકાસ કરવો. સમાજ અને દેશ પ્રતિ નિષ્ઠા કેળવવી.
(૮) વાતાવરણ વૃક્ષની જાળવણી અને પર્યાવરણની જાણવણી કરવી-કરાવવી.
(૯) ચૂંટણી સમયે યોગ્ય પ્રતિનિધિની વરણી કરવી. યોગ્ય સરકારની રચનામાં મદદરૂપ બનવું.
(૧૦) નાગરિક ઘડતરના કામમાં તત્પર રહેવું. નાગરિકની આવક વધે તેવા સેવા કાર્યો કરવા. વિધવા સહાય જેવા સરકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ કરાવવું. આપત્તિ સમયે એક જુથ થઇ સમાજ અને દેશને મદદરૂપ થવું વિગેરે કાર્યો કરવા તેમજ કરાવવા.

: જોડાવવા માટેની જરૂરી વિગતો :
નામ, સરનામું, પિનકોડ, જન્મ તારીખ, સ્ત્રી-પુરૂષ, બેંકનું નામ, બેંક ખાતા નંબર, આઇ.એફ.એસ. કોડ, પાન કાર્ડ નંબર, મોબાઇલ નંબર, વારસદારનું નામ, વારસદાર સાથેનો સબંધ.

CONNECTINDIANS
MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા
પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન ટુંકવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.
તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.
અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. જાહેરાતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનથી ભાડીના રૂપિયા કામ મુજબ ચૂકવેલ આપકમાંથી ચુકવાશ જશે, જે માટે સાથે દર્શાવેલ ફોરમ પરથી આપ સમજી શકશો.
તો આવો સૌ સાથે મળી આપણીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો
અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રિત થનાર મેરેજ આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (ઓટો મોડની કપાવી) આપની કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો. જેના માટે સાથે જાહેરાતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
લીફ ત્રણ વર્ષ માટે ૫૦૦૦/- (ઓટો મોડની કપાવી) આપની કોડ લીફ ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો. સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે સાથે જાહેરાતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે. આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો	ધનંજય ઝવેરી	શરદ જાદવ	રવિ પટેલ	અશોક મોદી
	7575006847-48	7575006849	7574888860	7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

હળવદ : સોસાયટી માર્જીનની અને નર્મદા કેનાલ જમીનમાં ગેરકાયદેસર બાંધકામ



લત્તાવાસીઓએ મામલતદારને આવેદન પાઠવ્યું

હળવદના સરા રોડ સ્થિત સ્વામીનારાયણ નગર સોસાયટીની માર્જીનની તેમજ નર્મદા કેનાલની જમીનમાં બિનઅધિકૃત રીતે બાંધકામ ચાલતું હોય જે અટકાવવા માટે લત્તાવાસીઓએ આવેદન પાઠવ્યું છે

સ્વામીનારાયણ સોસાયટી હળવદના લત્તાવાસીઓએ હળવદ મામલતદારને આવેદન પાઠવ્યું છે જેમાં જણાવ્યું છે કે સોસાયટી તા. ૦૧-૦૪-૨૦૦૫ થી સર્વે નંબર ૨૨૨૮ પૈકી તથા ૨૨૨૯ પૈકી રહેણાંક હેતુ માટે બિનખેતી થયેલ છે જેમાં સરા રોડથી પૂર્વ દિશામાં જતો રસ્તો અને નર્મદા કેનાલની વચ્ચે સરા રોડ પર જે જમીન આવેલ છે તે જમીન પર સોસાયટીની માર્જીનની જમીન અને નર્મદા કેનાલની જમીનમાં નાડોદા (સિંધવ) ચીકાભાઈ પંચાણભાઈ રહે હળવદ વાળા દ્વારા શોપિંગના પાયા છાપી શોપિંગનું વિના પરવાનગી બિન અધિકૃત બાંધકામ શરુ કરેલ છે

શોપિંગનું બાંધકામ થવાથી સોસાયટીની પાછળની ખેતીની જમીન તથા સોસાયટીની પાણીનો નિકાલ બંધ થઇ સકે છે જેથી કરી સોસાયટી અને આજુબાજુની જમીનમાં ચોમાસું પાણી ભરાઈ સકે તેમ છે તથા આવી રીતે રોડ પર કીમતી જમીનમાં બિન અધિકૃત બાંધકામ થવાથી દબાણ કરનારને છૂટો દોર મળી સકે છે હાલ આ બાંધકામ ચાલુ જ થયેલ હોય તાત્કાલિક અસરથી બાંધકામ બંધ રખાવા ઘટતું કરવા અને દબાણ અંગેની નોંધ મામલતદાર કચેરીમાં નિભાવવામાં આવતા દબાણ રજીસ્ટરે નોંધ અંગેની નકલ આપવામાં આવે તેવી માંગ કરી છે

તેમજ આ અંગે જો તાત્કાલિક અસરથી કાર્યવાહી કરવામાં નહિ આવે તો કાયદાકીય રીતે સોસાયટીના રહીશો કોર્ટનો આશરો લેશે તેવી ચીમકી આપી છે અને રહેણાંક વિસ્તારમાં પાણી ના ભરાય તેવા હેતુથી તાત્કાલિક અસરથી બાંધકામ બંધ રાખવાની માંગ કરી છે

ભાજપમાંથી આવેલા અશોક ડાંગર બન્યા કોંગ્રેસ શહેર પ્રમુખ

રાજકોટ

હંમેશા કોંગ્રેસ માટે માથાનો દૂખાવો રહેલા રાજકોટ કોંગ્રેસના નેતાઓની પસંદગીના મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. આ વખતે કોંગ્રેસે ભાજપમાંથી આવેલા અશોક ડાંગરને સીધા જ શહેર પ્રમુખ બનાવ્યા છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા ઈન્દ્રનીલ રાજયગુરુ રાજકોટ કોંગ્રેસ શહેર પ્રમુખ હતા, જેઓએ રાજીનામું આપી દેતા આ જગ્યા ખાલી હતી.

રાજકોટના રાજકારણમાં ફરી ગરમાવો આવ્યો છે, કોંગ્રેસે પોતાના શહેર પ્રમુખની પસંદગી કરી લીધી છે, તેઓએ આ મોટી જવાબદારી ભાજપ છોડી કોંગ્રેસમાં આવેલા અશોક ડાંગરને સોંપી છે. અશોક ડાંગર વર્ષ ૨૦૧૨માં ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા તત્કાલિન સીએમ નરેન્દ્ર મોદીના કહેવાથી ભાજપમાં જોડાયા હતા. કહેવામાં આવી રહ્યું છે કે ભાજપ પક્ષમં સતત અવગણના થવાથી તેઓ કોંગ્રેસમાં પરત ફર્યા છે.

અશોક ડાંગર કોંગ્રેસ પક્ષમાંથી અઢી વર્ષ સુધી રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર પદે રહી ચુક્યા છે. કોંગ્રેસના પૂર્વ મંત્રી તેમજ પીઢ મંત્રી મનોહરસિંહજી જાડેજા જૂથના હતા. પરંતુ નરેન્દ્ર મોદીના કહેવાથી તેઓ કોંગ્રેસ છોડીને ભાજપમાં ચાલ્યા ગયા હતા.

નોંધનીય છે કે ચૂંટણી પહેલા રાજકીય પક્ષોમાં મોટાપાયે ઉથલપાથલ થતી હોય છે. ૨૦૧૯માં લોકસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે અનેક મોટા માથાઓ પક્ષાંતર કરી રહ્યા છે.

'પ્રિયંકા ગાંધી દુર્ગા, ઈન્દિરાજીનાં આધુનિક અવતાર' : ધાનાણી

અમદાવાદ

પ્રિયંકા ગાંધીની સત્તાવાર રાજકારણમાં એન્ટ્રીથી રાજકારણમાં ગરમાવો આવ્યો છે અને કોંગ્રેસ કેડરમાં પ્રાણ ફૂંકાયો છો. ચોતરફથી કોંગ્રેસ નેતાઓએ પ્રિયંકા ગાંધીની રાજકારણમાં એન્ટ્રીને વધાવી લીધી છે. કોંગ્રેસે તેમને પૂર્વ ઉત્તરપ્રદેશના મહાસચિવ પદે નિયુક્ત કર્યા છે. કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પ્રિયંકાને પૂર્વ ઉત્તર પ્રદેશનું સુકાન સોંપ્યું છે. આગામી લોકસભા ચૂંટણી વધારે ઉત્તેજનાસભર બની છે.

પ્રિયંકા ગાંધીની નિમણૂંકને વધાવતા ગુજરાત કોંગ્રેસનાં નેતા અને વિરોધપક્ષનાં નેતા પરેશ ધાનાણીએ ટ્વીટ કરીને લખ્યું કે,

શ્રી દુર્ગા સ્વરૂપ સ્વ. ઈન્દિરાજીનાં આધુનિક સમાન શ્રીમતી પ્રિયંકા ગાંધીજીનાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિમાં આગમનને સમગ્ર રાષ્ટ્ર અતંર મનથી આવકારે છે. જય જય ગરવી ગુજરાત. આ સાથે તેમણે એક ફોટો પણ ટ્વીટ કર્યો છે.

પ્રિયંકા ગાંધી ફેબ્રુઆરીના પહેલા સપ્તાહમાં કાર્યભાર સંભાળશે.પ્રિયંકા ગાંધી વાડ્રાના સત્તાવાર રીતે રાજકારણ પ્રવેશ પર પોતાની પ્રતિક્રિયા આપતા કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યું કે, મને ખૂબ જ ખુશી થઈ રહી છે કે મારી બહેન જે ખૂબ જ કેપેબલ છે કે તે મારી સાથે કામ કરશે. મારી સાથે ખભાથી ખભા મેળવીને કામ કરશે. જ્યોતિરાદિત્ય પણ ડાયનેમિક યુવા નેતા છે.×

×અમારો મુખ્ય મુદ્દો છે કે અમે બેકફૂટ પણ નહીં રમીએ. અમે રાજકારણ જનતા માટે અને દેશના વિકાસ માટે કરીએ છીએ. આ સ્ટેપથી ઉત્તર પ્રદેશમાં એક નવા પ્રકારની ઉર્જા આવશે.× રાહુલ ગાંધીએ ઉમેર્યું હતું.

આ સંબંધમાં પાર્ટીના મહાસચિવ અશોક ગેહલોત તરફથી પ્રેસ રિલીઝ જાહેર કરવામાં આવી છે. જેમાં લખવામાં આવ્યું છે કે, કોંગ્રેસ અધ્યક્ષે પ્રિયંકા ગાંધી વાડ્રાને પૂર્વ ઉત્તર પ્રદેશના મહાસચિવ તરીકે નિયુક્ત કર્યા છે. તે ફેબ્રુઆરીના પહેલા સપ્તાહમાં પદ સંભાળશે.

કોંગ્રેસના સિનિયર નેતા મોતીલાલ વોરાએ કહ્યું કે, રાહુલ ગાંધી જે કહે છે તે કરીને બતાવે છે. પ્રિયંકા ગાંધીની નિયુક્તિ આ વાતનો સંકેત છે કે કોંગ્રેસનું ભવિષ્ય ઉજ્જ્વળ છે.

મોરબીમાં ગુર્જર પ્રજાપતિ સમાજના તૃતીય સમૂહલગ્નોત્સવ યોજાશે

શ્રી ગુર્જર પ્રજાપતિ જ્ઞાતિ મોરબી અને શ્રી પ્રજાપતિ યુવા સંગઠન મોરબીના સંયુક્ત ઉપક્રમે આગામી તા. ૨૭ને રવિવારના રોજ કંડલા બાયપાસ, કામધેનું પાર્ટી પ્લોટ બાજુમાં મોરબી ખાતે ગુર્જર પ્રજાપતિ સમાજના તૃતીય સમૂહ લગ્નોત્સવ યોજાશે

સમૂહ લગ્નોત્સવમાં સમાજના ચાર યુગલો પ્રભુતામાં પગલા માંડશે નવદંપતીને આશીવચન પાઠવવા સતાધારના જીવરાજબાપુ, પીપળીધામના વાસુદેવ મહારાજ, મોરબી શિવરામદાસ, હળવદના દલસુખ મહારાજ અને બગથળાનાં દામજી ભગત સહિતના સંતો મહંતો ઉપસ્થિત રહેશે. સમૂહ લગ્નમાં જોડાનાર મામ દીકરીને કરિયાવરની ચીજવસ્તુઓ ભેટ સ્વરૂપે આપવામાં આવશે સમૂહ લગ્નને સફળ બનાવવા માટે સમૂહ લગ્નોત્સવ સમિતિના પ્રમુખ અમિતભાઈ મચ્છોયા અને તેની ટીમના આગેવાનો-કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે

ડુપ્લીકેટ તમાકુ બનાવવાની ફેક્ટરી પર દરોડા, ૯.૩૨ લાખનો મુદ્દામાલ જપ્ત

મોરબી

વાંકાનેરમાં ડુપ્લીકેટ તમાકુ બનાવવાનું ગેરકાયદે કારખાનાના પર પોલીસે દરોડા પાડી રૂપિયા ૯.૩૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ બનાવની વિગત અનુસાર મોરબી પોલીસનની ટીમને પેટ્રોલિંગ દરમિયાન વાંકાનેરના રાતીદેવડી ગામની સીમમાં આવેલી ગનીભાઈ શેરશીયા (રહે. અમન સોસાયટી)ની વાડી અને રહેણાંક મકાનમાં બાગબાન કંપનીની ડુપ્લીકેટ તમાકુ બનાવવાની ફેક્ટરી ધમધમતી હોવાની બાતમી મળી હતી.

બાતમીના આધારે દરોડો કરતા સ્થળ પરથી પોલીસને બાગબાન કંપનીનું તમાકુ, કાચું તમાકુ, તમાકુ મિક્ષ કરવાના મશીન, ડબ્બા સીલ કરવાનું મશીન, ખાલી ડબ્બા સહિત કુલ ૯,૩૨,૨૬૦ નો મુદ્દામાલ મળી આવતા એ જપ્ત કરીને આરોપી સામે ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ન્યૂસન્સ પોઈન્ટ પર કચરો ફેંકતા ૩૨ લોકો દંડાયા

રાજકોટ

રાજકોટ ને સ્વચ્છ, સુંદર અને ગંદકી મુક્ત બનાવવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ચાલી રહેલ સ્વછતા અભિયાન અંતર્ગત શહેરમાં આવેલા ન્યુસન્સ પોઈન્ટ પર લોકો દ્વારા જાહેરમાં કચરો ફેંકતા ૩૨ ઈસમો પાસેથી ૧૩,૨૫૦ રૂપિયાનો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ હતો.

જાહેરમાં ગંદકી ન થાય તેવા હેતુથી જ્યાં-જ્યાં જાહેરમાં લોકો દ્વારા કચરો ફેંકતો હતો તેવા સ્થળો પર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા એક ગાર્ડ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના કર્મચારીને દેખરેખ માટે રાખવામાં આવેલી છે. આવા ન્યુસન્સ પોઈન્ટ પરથી ૩૨ ઈસમો પાસેથી રૂપિયા ૧૩,૨૫૦ નો જાહેરમાં કચરો કરતા દંડ વસુલ કરવામાં આવ્યો હતો તેમ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધી પાનીએ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, શહેર ત્યારે જ સ્વચ્છ થશે જયારે શહેરના લોકો જાગૃત થઈ જાહેરમાં કચરો ફેંકવાનું ટાળશે અને પોતે જાહેરમાં ગંદકી ન કરે અને અન્ય નાગરિકને પણ ગંદકી કરતા અટકાવશે. રાજકોટ મહાનગરપાલિકા રાજકોટને સ્વચ્છ બનાવવા માટે અથાગ મહેનત કરી રહી છે, તેની સાથે સાથે નાગરિકો પણ સહકાર આપશે તો રાજકોટ ખરેખર સ્વચ્છ બની શકશે."

દીકરીઓના જન્મ પર અનોખી રીતે વધામણા, ૯૦૦ પ્રાથમિક શાળાઓને પરિપત્ર મોકલ્યો

રાજકોટ

બેટી બચાવો દિશામાં હવે અનેક લોકો આગળ આવ્યા છે, અને દીકરીઓના જન્મને વધારવા માટે અનેક પ્રસંગો યોજાતા થયા છે. ત્યારે રાજકોટમાંથી એક નવો અભિગમ સામે આવ્યો છે. બેટી પઢાવો અને બેટી બચાવો અભિયાન હેઠળ જિલ્લા વિકાસ અધિકારી અનિલકુમાર રાણાવાસિયાએ પ્રાથમિક શાળાઓને પણ તેમાં આવરી લીધી છે. જિલ્લા પંચાયતના પ્રાથમિક શિક્ષણાધિકારીએ જિલ્લાની તમામ ૯૦૦ જેટલી પ્રાથમિક શાળાઓને પરિપત્ર મોકલ્યો છે. જેમાં જે પરિવારમાં દીકરીઓ જન્મ થાય ત્યારે જે તે ગામની સરકારી પ્રાથમિક શાળાનાં મહિલા શિક્ષકોએ દિકરી જન્મને વધાવવા તેમજ પરીવારને શુભકામના પાઠવવા માટે શાળા સમય બાદ અથવા રિશેષના સમયે જન્મ લેનાર દિકરીનાં ઘરે જવું. તો બીજી તરફ, તેમણે એક સૂચના પણ આપી છે કે, શક્ય હોય તો શાળાઓમાં ઓરડાઓનાં નામ નવી જન્મેલી દીકરીનાં નામ પર રાખવા. જેને કારણે આ દીકરીઓના જન્મની યાદગીરી કાયમી બની રહેશે.

ચોરેલી બાઈકનો ઉપયોગ ચેઈન સ્નેચિંગમાં કરતા બે ઝડપાયા

હિંમતનગર

હિંમતનગર શહેરમાંથી બે સ્પોર્ટ બાઈક ચાલકોને બાતમી આધારે અટકાવતી તપાસ હાથ ધરતાં બંને સ્પોર્ટ બાઈક ચોરીના હોવાનુ ખુલ્યુ હતુ. તો વળી બંને બાઈક ચાલકોએ પચ્ચીસ જેટલા ચેઈન સ્નેચીંગ અને લુંટ સહિતના ગુન્હાઓ આચર્યા હોવાનુ ખુલ્યુ છે. આ શખ્સો બાઈકનું લોક તોડી ચોરેલી બાઈકનો લુંટ અને ચેઈન સ્નેચિંગના ગુનામાં ઉપયોગ કરતા હતા.

સાબરકાંઠા જીલ્લામાં બાઈક ચોરી અને ચેઈન સ્નેચીંગ એ જાણે કે માઝા મુકી છે અને જીલ્લામાં બાઈક ચોરીએ રોજબરોજ હવે સામાન્ય બની ગઈ છે. કારણ કે જીલ્લામાં હવે રોજ બરોજ આવા ગુન્હા વધી રહ્યા છે આ દરમ્યાન જ પોલીસને એક બાતમી મળતા એ માટે તપાસ હાથ ધરતા બાતમી મુજબના બે બાઈક સાથે હિંમતનગર શહેરમાં મોતીપુરા વિસ્તારના રસ્તાથી આવતા હતા. દરમિયાન પોલીસે તેમને અટકાવી પુછપરછ કરતા એ તેમની પાસે રહેલા બંને ચમચમાતા સ્પોર્ટ્સ બાઈક ચોરી કરેલા હોવાનુ જણાઈ આવ્યુ હતુ અને જેને લઈને બંને આરોપીઓની પુછપરછ હાથ ધરતાં બંને શખ્શો ચોરીના સ્પોર્ટસ બાઈક દ્વારા ચેઈન સ્નેચીંગ અને લુંટના ગુન્હાઓ આચરતા હોવાનુ સામે આવ્યુ હતુ.

આરોપી પ્રહલાદ ઉર્ફે ભટલો ખરાડી પાસેથી સોનાની ત્રણ ચેઈનો તુટેલી હાલતમા તથા રાહુલ ઉર્ફે આરીફ અંસારી પાસેથી સોનાની એક ચેઈન તુટેલી હાલતમાં મળી આવી હતી. જોકે પોલીસને હજુ પણ અનેક ગુન્હાઓનો ઉકેલ આવવાની શક્યતાઓને લઈને વધુ તપાસ હાથ ધરી છે.

વૃદ્ધને હનીટ્રેપમાં ફસાવી હત્યા કરાતા ખળભળાટ

રાજકોટ

રાજકોટમાં એક વૃદ્ધને હનીટ્રેપમાં ફસાવીને તેની હત્યા કરવામાં આવી છે. જેમાં રાજકોટની એક નામચીન યુવતી સાથે તેનાં બે સાગરિતો સામે ફરિયાદ નોંધાઈ હતી. જામનગરનાં વૃદ્ધને રાજકોટ બોલાવીને તેનો વીડિયો ઉતાર્યો હતો. પોલીસે હત્યાનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

આ મામલે મળતી માહિતી પ્રમાણે વૃદ્ધ કિરીટ ચંદુભાઈ મહેતાને હનીટ્રેપમાં ફસાવીને હત્યા કરવામાં આવી છે. હાલ પોલીસે વૃદ્ધનાં મૃતદેહને પીએમ માટે સિવિલમાં ખસેડ્યો છે. આ આખી ઘટનામાં બે યુવતી સહિત ત્રણ યુવાનોની સંડોવણી બહાર આવી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે આ કેસમાં સંડોવાયેલ યુવતીની પહેલા સીડીકાંડમાં પણ ધરપકડ થઈ હતી. થોડા સમય પછી આ અંગે પોલીસ વધુ માહિતી આપશે.

હાલ પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને આરોપીઓ અને મૃતકનાં પરિવારજનોની પૂછપરછ શરૂ કરી છે.

અમદાવાદમાં પણ આવો એક કિસ્સો સામે આવ્યો હતો. સરકારી કોન્ટ્રાક્ટ ધરાવતા ૬૯ વર્ષીય મફત પટેલને હનિટ્રેપમાં ફસાવી સોનિયા નામની ૪૦ વર્ષીય મહિલાએ વૃદ્ધની ઓફિસમાં એકલતાના સમયમાં તેમની સાથે શારીરિક અડપલા ઉપરાંત શરીર સંબંધ બાંધવા જેવી પરિસ્થિતિ ઊભી કરી ચાલાકીથી છૂપા કેમેરાથી ફોટા પાડી લીધા હતા. મહિલા અને તેના સાથીદારે વૃદ્ધને ફોટા બતાવી યૂ-ટ્યૂબમાં ફોટા અપલોડ કરવાની ધમકી આપી રૂ. ૭ લાખ માગ્યા હતા. જે અંગે વૃદ્ધે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

કુંભ મેળામાં 'ટોયલેટ કેફેટેરિયા' શ્રદ્ધાળુઓ માટેનું આકર્ષણનું કેન્દ્ર બન્યું

પ્રયાગરાજ

અલાહાબાદમાંથી તાજેતરમાં જ પ્રયાગરાજ બનેલા ઐતિહાસિક નગરમાં કુંભ મેળાના કારણે મોટી સંખ્યામાં ભક્તોની ભીડ જોવા મળે છે. દેશ વિદેશમાંથી ભક્તો આવી સંગમમાં આસ્થાભેર સ્નાન કરી અને પુણ્યનું ભાથુ બાંધે છે. મેળામાં સુરક્ષા અને શ્રદ્ધાળુઓની સુવિધા માટે ખાસ વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી છે. જો કે તમામ વ્યવસ્થામાં સૌથી વધારે ચર્ચા અહીં બનાવેલા ટોયલેટ કેફેટેરિયાની છે.

આ વર્ષે કુંભ મેળામાં સ્વચ્છતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. અગાઉના વર્ષ દરમિયાન જ્યારે કુંભ મેળો ભરાતો ત્યારે લોકો માટે શૌચાલયનો અભાવ વર્તાતો. તેના કારણે લોકોએ ખુલ્લી જગ્યામાં શૌચક્રિયા કરવી પડતી પરંતુ આ વર્ષે મેળામાં ૧,૨૦,૦૦૦ શૌચાલય બનાવવામાં આવ્યા છે અને સફાઈકર્મચારીની સંખ્યા પણ બમણી કરી દેવામાં આવી છે.

અહીં શ્રદ્ધાળુઓ માટે ટોયલેટ કેફેટેરિયા બનાવવામાં આવ્યા છે. આ કેફેટેરિયા આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. અહીં જે બેઠક વ્યવસ્થા છે તેને કમોડનો આકાર આપવામાં આવ્યો છે. આ વ્યવસ્થાના માધ્યમથી લોકોને સ્વચ્છતાનો સંદેશ આપવામાં આવે છે. તેના પર સ્વચ્છતા, શૌચાલય અને પાણીના સંગ્રહ માટેના સંદેશ પણ અલગ અલગ રીતે લખવામાં આવ્યા છે. આ તમામ વ્યવસ્થા ઉત્તર પ્રદેશની યોગી સરકારએ કરી છે. આ વર્ષે કુંભ મેળા માટે ૪૨૦૦ કરોડની રકમ ફાળવવામાં આવી છે. આ રકમ વર્ષ ૨૦૧૩ના કુંભ મેળા કરતાં ત્રણગણી વધારે છે. કુંભ મેળામાં આ વર્ષે ૧૨ કરડો શ્રદ્ધાળુ પહોંચે તેવું અનુમાન છે.

ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ૧૮મી ફેબ્રુઆરીએ શરૂ થશે

ગાંધીનગર

હવે દેશભરમાં બજેટની ચર્ચા થઈ રહી છે. ગરીબ, મધ્યમ વર્ગ, માલદાર દરેકની નજર બજેટ પર છે કે, તે કેવું હશે. ત્યારે ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ૧૮મી ફેબ્રુઆરીથી શરૂ થશે. લેખાનુદાન બજેટ હોવાના કારણે એક સપ્તાહ સુધી વિધાનસભા ચાલશે. લોકસભાની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને ગુજરાત વિધાનસભામાં નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી નીતિન પટેલ લેખાનુદાન બજેટ રજૂ કરશે.

આ વિશે શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ જણાવ્યું કે, તા.૧૮ ફેબ્રુઆરીથી વિધાનસભાનું સત્ર શરૂ થાય છે. લોકસભાની ચૂંટણી હોવાથી નિયમ મુજબ દર વખતે વોટ ઓન એકાઉન્ટની એક સિસ્ટમ છે. લાંબુ બજેટ એ ઈલેકશન પછી કરવામાં આવશે. ચાર મહિના પૂરતા ખર્ચની વ્યવસ્થા માટેની આ વ્યવસ્થા છે. જેને વોટ ઓન એકાઉન્ટ કહેવાય છે. એક અઠવાડિયા માટે ૧૮મીથી બજેટ સત્ર બોલાવવાનો નિર્ણય આજની કેબિનેટમાં લેવાયો છે.

નરોડા પાટિયા કેસઃ સુપ્રીમે ચાર દોષિતોનાં જામીન મંજૂર કર્યા

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે ૨૦૦૨નાં નરોડા પાટિયા કાંડનાં મામલામાં ચાર દોષિતો- ઉમેશ ભરવાડ, રાજકુમાર, હર્ષદ અને પ્રકાશ રાઠોડને જામીન પર છોડવાનો આદેશ આપ્યો છે. મહત્વનું છે કે ગુજરાતમાં ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ સાબરમતી એક્સપ્રેસને આગ લગાડવામાં આવી હતી. ત્યારબાદ સમગ્ર રાજ્યમાં હિંસા ભડકી ઉઠી હતી. તેના એક દિવસ પછી અમદાવાદના નરોડા પાટિયામાં ૯૬ લોકોની હત્યા કરવામાં આવી હતી અને તેમાં ૩૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. ગોધરા કાંડ બાદ વિશ્વ હિન્દુ પરિષદે બંધનું એલાન આપ્યું હતું. આ દરમિયાન નરોડા પાટિયામાં ભીડ હિંસક બની હતી અને લઘુમતી સમુદાયના લોકો પર હુમલો કરવામાં આવ્યો હતો.

આ મામલામાં સુપ્રીમ કોર્ટનાં જસ્ટિસ એએમ ખાનવિલકરની અધ્યક્ષતાવાળી ખંડપીઠે મંગળવારે ચાર મુખ્ય દોષિતોને જમાનત આપી દીધી છે. આ સાથે જ ખંડપીઠે જણાવ્યું હતું કે તેમને દોષિત ગણાવવા અંગે શંકા છે. આ મામલામાં હજી ચર્ચા થઇ શકે છે. એટલે તેમણે જામીન આપ્યાં છે. આ બધા દોષિતોને આઈપીસીની કલમ ૪૩૬ (ઘરને નષ્ટ કરવાનાં ઈરાદાથી આગ લગાવવી કે વિસ્ફોટ કરવો) અંતર્ગત દોષિત ગણાવવામાં આવ્યાં હતાં.

આ કેસ અંગે ઓગસ્ટ ૨૦૦૯માં પ્રથમ સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં ૮૨ આરોપીઓ સામે કેસ નોંધાયો હતો. સુનાવણી દરમિયાન ૩૨૭ લોકોનું નિવેદન લેવામાં આવ્યું હતું. તેમાં પીડિતો, ડોક્ટર્સ સહિત પોલીસ અધિકારી અને સરકારી અધિકારીનો પણ સમાવેશ હતો. ત્યારબાદ ૨૯ ઓગસ્ટ ૨૦૧૨ના રોજ વિશેષ અદાલતે રાજ્યના પૂર્વ મંત્રી અને ભાજપ નેતા માયા કોડનાની સહિત ૩૨ લોકોને આજીવન કેદની સજા સંભળાવી હતી. જેમાં કોડનાનીને ૨૮ વર્ષના કારાવાસની સજા સંભળાવામાં આવી હતી. માયા કોડનાની પર આરોપ લગાવવામાં આવ્યો હતો કે તેમણે ભીડને કથિત રીતે મુસ્લિમો પર હુમલો કરવા માટે ઉશ્કેર્યા હતા.

મોદી સરકાર મોસ્ટ વોન્ટેડ દાઉદના ભત્રીજાને ભારત લાવશે

ન્યુ દિલ્હી

મુંબઈ બોમ્બ બ્લાસ્ટનો આરોપી અને ભારતનો મોસ્ટ વોન્ટેડ ગુનેગાર દાઉદ ઈબ્રાહીમને મોટો ઝાટકો આપવા માટે મોદી સરકાર તૈયારી કરી રહી છે.

દાઉદના ભત્રીજા સોહેલ કાસકરને અમેરિકાથી પ્રત્યાપર્ણ સંધી થકી ભારતમાં લાવવામાં આવી શકે છે.સોહેલ કાસકર દાઉદના મોટાભાઈ નૂરા કાસકરનો પુત્ર છે.

સોહેલ એક ડ્રગ કેસમાં અમેરિકાની જેલમાં હતો અને સજા પુરી થયા બાદ તેને છોડી દેવામાં આવ્યા બાદ ભારત સરકાર તેમજ મુબંઈ પોલીસે અમેરિકાની સરકાર સમક્ષ તેને ભારતને સોંપી દેવાની માંગણી કરી છે.આ માટે અમેરિકન સરકાર લગભગ તૈયાર થઈ ગઈ છે.આગામી સમાહે મુંબઈ પોલીસની એક ટીમ અમેરિકા જઈ શકે છે. સોહેલ કાસકર પાસે ભારતને ડી ગેંગને લગતી ઘણી માહિતીઓ મળી શકે તેવી આશા છે.સોહેલના પિતા નૂરા કાસકરનુ ૨૦૦૯માં કરાચીમાં કિડની ફેઈલ થવાના કારણે મોત થયુ હતુ.

૧૦% આર્થિક સવર્ણ અનામત માટે માત્ર ૩.૮ લાખથી ઓછી કૌટુંબિક આવક જ માપદંડ

ગાંધીનગર

કેન્દ્ર સરકારે જાહેર કર્યા બાદ આર્થિક અનામત લાગુ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે. ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠક માં આ મહત્વના નિર્ણય લેવાયો હતો. કેબિનેટની બેઠકમાં તેની મંજૂરી આપી દેવામાં આવી છે. ૧૦ટકા આર્થિક અનામતમાં ૩૩ ટકા મહિલા અનામત લાગુ કરાઈ છે. દર ૧૦ નોકરીમાંથી મહિલાઓને ૩.૩ ટકાનો લાભ મળશે. યોગ્યતા ૧૯૭૮ પહેલાથી ગુજરાતમાં રહેતા હોવા જોઈએ.

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું છે કે, આર્થિક રીતે પછાત વર્ગના યુવાઓ-વિદ્યાર્થીઓને સરકારી નોકરી અને શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ માટે કેન્દ્ર સરકારે ૧૦ ટકા આર્થિક અનામત આપવાનો કાયદો બનાવ્યો છે. તે અન્વયે ગુજરાત સરકારે પણ સમગ્ર દેશમાં પ્રથમવાર આ કાયદાનો અમલ કરવાનો નિર્ણય કરીને વાર્ષિક ૩.૮ લાખથી ઓછી આવક ધરાવતા સવર્ણ સમાજના આર્થિક રીતે નબળા યુવાનોને ૧૦ ટકા આર્થિક અનામતનો લાભ આપવાનો નિર્ણય કર્યો છે.

નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર દેશમાં સામાજિક સમરસતા માટે આર્થિક અનામત આપવા માટેના જે ધારાધોરણો નક્કી કરાયાં છે, તે મુજબ ગુજરાતમાં પણ આર્થિક રીતે નબળા યુવાનોને સહાયરૂપ થવાં મંત્રીમંડળના સભ્યો, સહિત ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા કરી આ મહત્વનો નિર્ણય કર્યો છે. પટેલે ઉમેર્યું કે, કેન્દ્ર સરકાર દ્વારા ૧૦ ટકા આર્થિક અનામત આપવા માટે વાર્ષિક ૩.૮ લાખની આવક સાથે જમીન માલિકી તથા રહેણાંકના ઘરની માલિકી અથવા ખુલ્લા પ્લોટની માલિકી ધરાવવી એવી વિવિધ જોગવાઈઓ સાથે કેન્દ્ર સરકારની નોકરીઓમાં અને શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ માટે ધારાધોરણો રાખ્યા છે પરંતુ ગુજરાત સરકારે ફક્ત આવકનું એક જ ધોરણ રાખી વાર્ષિક ૩. ૮ લાખથી ઓછી આવક ધરાવતાં સવર્ણ સમાજના પરિવારના યુવાનોને સરકારી નોકરી અને શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ માટે આર્થિક અનામતના લાભો આપવાનો નિર્ણય કર્યો છે.

પ્રિયંકાની રાજકીય એન્ટ્રીની સાથે જ 'ઈન્દિરા ઈઝ બેક'નાં પોસ્ટર લાગ્યા

લખનઉ

લાંબા સમયથી કોંગ્રેસના કાર્યકર્તાઓ જે માગ કરી રહ્યા હતા તેને પાર્ટીએ ઘણા સમય બાદ સાકાર કરી છે. પ્રિયંકા ગાંધી વાડ્રાને કોંગ્રેસ પક્ષના મહામંત્રી બનાવાયા છે. લોકસભા ચૂંટણી ૨૦૧૯ને ધ્યાનમાં રાખીને તેમને પૂર્વ ઉત્તરપ્રદેશનો પ્રભાર સોંપાયો છે. છેલ્લા અનેક વર્ષથી પ્રિયંકા ગાંધીના સક્રિય રાજકારણમાં પ્રવેશના અનુમાન લાગતા હતા, પરંતુ દરેક વખત કોંગ્રેસના કાર્યકર્તાઓને નિરાશા મળતી હતી. બુધવારે ૨૩ જાન્યુઆરીના રોજ પ્રિયંકા ગાંધીને કોંગ્રેસના મહામંત્રી બનાવાની સાથે જ જાણે કે કોંગ્રેસના કાર્યકર્તાઓમાં નવા પ્રાણ ફૂંકાઈ ગયા છે. આ જાહેરાતની સાથે જ ઉત્તર પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય પર ×ઈન્દિરા ઈઝ બેક×ના પોસ્ટર લાગી ગયા છે. આ પોસ્ટરોમાં પ્રિયંકા ગાંધીને માં દુર્ગા અને ઈન્દિરા ગાંધીની સાથે દર્શાવામાં આવ્યાં છે. પોસ્ટરમાં લખ્યું છે કે, 'ઉત્તર પ્રદેશમાં ભ્રષ્ટાચાર સ્વરૂપી અસુરોનો સંહાર કરવા માટે માં દુર્ગાનો અવતાર માનનીય પ્રિયંકા ગાંધીજીને ઉત્તર પ્રદેશનો પ્રભાર આપવા માટે રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીજીનો કોટિ-કોટિ ધન્યવાદ.' આ અંગે પક્ષના મહામંત્રી અશોક ગેહલોત તરફથી આપવામાં આવેલી એક પ્રેસનોટમાં લખ્યું છે કે, 'કોંગ્રેસ અધ્યક્ષે પ્રિયંકા ગાંધી વાડ્રાને પૂર્વ ઉત્તરપ્રદેશના મહામંત્રી બનાવ્યા છે. તેઓ ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં પદ સંભાળશે.'

'અચ્છે દિન': ૧૫ મહીનામાં ૭૩ લાખ લોકોને મળી નોકરી

દિલ્હી

લોકસભા ચૂંટણી નજીક આવી રહી છે, વિપક્ષ બેરોજગારીના મામલે સતત સરકારને ઘેરી રહી છે. તમામ રાજનીતિક અને આર્થિક એક્સપર્ટનું કહેવું છે કે બેરોજગારીના મુદ્દાઓ પર સરકારે ગંભીર થવાની જરૂર છે. બેરોજગારી દેશની સૌથી મોટી સમસ્યા છે. જો સમય જતા રોજગારના અવસર વિકસાવવામાં નહી આવે તો અર્થવ્યવસ્થા માટે ખતરનાક સાબિત થઈ શકે છે. એવામાં ઈપીએફઓ તરફથી સરકારને રાહતના સમાચાર મળી રહ્યા છે. ઈપીએફઓનાં ડેટા અનુસાર છેલ્લા ૧૫ મહીનામાં લગભગ ૭૩ લાખ લોકોને નોકરી મળી છે. ફક્ત નવેમ્બર ૨૦૧૮માં ૭.૩૨ લાખ લોકોને નોકરી મળી રહી છે. આ મહીને જોબ ક્રિયેશન રેટ ૪૮ ટકા રહ્યો હતો. વાત કરીએ ૨૦૧૭ની તો ત્યારે ફક્ત ૪.૯૩ લાખ લોકોને નોકરી મળી હતી. ઈપીએફઓના પેરોલ ડેટા અનુસાર સપ્ટેમ્બર ૨૦૧૭થી નવેમ્બર ૨૦૧૮ વચ્ચે ૭૩.૫ લાખ લોકોને નોકરી મળી શકે છે. રિપોર્ટ અનુસાર ઓક્ટોબર ૨૦૧૮ માટે જે અનુમાન જાહેર કરવામાં આવેલ છે, તેમાં ઓછા લોકોને નોકરી મળી હતી. અનુમાન ૮.૨૭ લાખ હતુ પણ નોકરી ફક્ત ૬.૬૬ લાખ લોકોને મળી હતી. સપ્ટેમ્બર ૨૦૧૭થી ઓક્ટોબર ૨૦૧૮ વચ્ચે જેટલી નોકરીનુ અનુમાન લગાવવામાં આવે તેમાંથી લગભગ ૧૬.૪ ટકા ઓછી નોકરી મળી હતી.

લાલુના પુત્ર તેજપ્રતાપે શત્રુઘ્ન સિન્હાને આરજેડી પાર્ટીમાં સામેલ થવા નોતરું મોકલ્યું

ન્યુ દિલ્હી

ભાજપા-ભારતીય જનતા પાર્ટીના બળવાખોર અને બેફામ વાણીવિલાસ કરનારા શત્રુઘ્ન સિન્હાને લઈને રાજનીતિના કુંડાળાઓમાં ભારે અટકળો જોવા મળી રહી છે. ખાસ કરીને મમતા બેનર્જીની ગત સમાહે કોલકતામાં આયોજીત એકતા રેલીમાં શત્રુઘ્ન સિન્હાએ ભાગ લઈને અનેક પ્રકારની રાજકીય અટકળોને તીવ્ર વેગ આપી દીધો છે. એવો પણ એક ક્યાસ લાગી રહ્યો છે કે ગુસ્સે ભરાયેલો ભાજપ

અનેક અટકળો વચ્ચે એવા સમાચાર આવ્યા છે કે બિહારના મુખ્ય વિપક્ષ દળ-રાજદના પ્રમુખ નેતા અને લાલુ પ્રસાદના મોટા દીકરા તેજપ્રતાપે યાદવે શત્રુઘ્ન સિન્હાને તેમના પક્ષમાં જોડાવવા આમંત્રણ આપ્યું છે. તેજપ્રતાપ યાદવનું આવું આમંત્રણ એવા સમયમાં આવ્યું છે જ્યારે એક દિવસ પહેલા જ શત્રુઘ્ન સિન્હાએ જણાવ્યું હતુ કે ભાજપ તેમની પાસેથી રાજીનામું માગશે તો તેઓ પક્ષ છોડવા તૈયાર છે. નોંધનીય છે કે શત્રુઘ્ન સિન્હા પટના સાહિબ બેઠકથી ભાજપના સાંસદ છે.

એક નિવેદનમાં તેજપ્રતાપ યાદવે જણાવ્યું હતુ કે તેઓ સમયાંતરે શત્રુઘ્ન સિન્હા સાથે વાતચીત કરતા રહે છે. હું તેમને આજે પણ રાષ્ટ્રીય જનતા દળ-રાજદમાં સામેલ થવા આમંત્રણ આપુ છુ, તેઓ અમારા જનતા દરબારમાં સામેલ થઈ શકે છે. તેજપ્રતાપ હમણાથી સતત જનતા દરબાર આયોજીત કરી રહ્યા છે.

હિન્દુ મહિલા ને મુસ્લિમ પિતાના લગ્ન ગેરમાન્ય, સંતાન માન્યઃ સુપ્રીમ

ન્યુ દિલ્હી

હિંદુ મહિલા અને મુસ્લિમ પુરૂષના લગ્ન ભલે માન્ય ન હોય પરંતુ તેમના વૈવાહિક સંબધથી જન્મેલું બાળકને કાયદેસર ગણવામાં આવશે. સુપ્રીમ કોર્ટે આ અંગે મહત્વના ચૂકાદામાં કહ્યું છે કે, ભલે મહિલા અને પુરૂષના લગ્ન પરિવારની મરજી વિરુદ્ધ થયાં હોય પરંતુ તેમના લગ્ન બાદ પેદા થયેલા સંતાનને પોતાના પિતાની સંપત્તિ મેળવવાનો સંપૂર્ણ અધિકાર છે. સુપ્રીમ કોર્ટે કેરળ હાઈકોર્ટના જસ્ટીસ એનવી રમન અને જસ્ટીસ એમ શાંતાનાગોદરની બેંચના આદેશને યથાવત રાખ્યો હતો. વાસ્તવમાં કોર્ટે આ આદેશ એક અરજી પર સુનાવણી દરમિયાન આપ્યો હતો. મોહમ્મદ ઈલિયાસ અને વલ્લિઅમ્મા વચ્ચે લગ્ન બાદ તેમનો પુત્ર શમશુદ્દીન પેદા થયો હતો. આ કેસમાં બંને પક્ષે કોર્ટમાં પહોંચ્યા હતાં. કોર્ટેઆ પુત્રને કાયદેસરનો ગણાવતા કહ્યું કે, તેમને પિતાની સંપત્તિમાં ભાગ મેળવવાનો સંપૂર્ણ અધિકાર છે.મહત્વનું છે કે, શમસુદ્દીનના પિતા મોહમ્મદ ઈલિયાસ મુસ્લિમ છે, જ્યારે માતા વલ્લીઅમ્મા હિંદુ છે. બંન્ને વચ્ચે પ્રેમ થયો અને બંન્ને લોકોએ પરિવારજનોથી છુપાઈને લગ્ન કરી લીધા. લગ્ન બાદ શમશુદ્દીન પેદા થયો હતો. જ્યારે શમશુદ્દીને પોતાના પિતાની સંપત્તિ પર પોતાનો હક્ક માંગ્યો ત્યારે તેમના પિતાના ઘરવાળાઓએ તેમને હક્ક આપવાની મનાઈ કરી દીધી હતી. પિતરાઈ ભાઈઓ કોર્ટમાં એવી દલીલ રજૂ કરી કે, શમશુદ્દીનના માતા-પિતાએ કાયદાકીય રીતે લગ્ન નથી કર્યા અને લગ્ન સમયે શમશુદ્દીનની માતા હિંદુ હતી. તમામ દલીલોને સાંભળ્યા બાદ સુપ્રીમ કોર્ટે નિચલી કોર્ટ અને ઉચ્ચ ન્યાયાલયના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો છે. આ સાથે જ સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરતા કહ્યું કે, જો મુસ્લિમ અને હિંદુ વચ્ચે આ પ્રકારના અનિયમિત લગ્ન થાય તેવા કિસ્સામાં પત્નીને મેહર મેળવવાનો હક્ક મળશે પરંતુ તેમને પતિની સંપત્તિમાં હક્ક નહીં મળે. તેમ છતાં આ લગ્નથી જન્મેલુ બાળક સંપૂર્ણ રીતે પિતાની સંપત્તિમાં હક્ક મેળવી શકશે.









તંત્રી સ્થાનેથી...

વિપક્ષ અને વિકલ્પ

કોલકત્તામાં વિપક્ષની મેગા રેલી બાદ પણ આ પ્રશ્ન પોતાની જગ્યાએ અકબંધ છે જે આગામી સામાન્ય ચૂંટણીને લઈને જારી પોતાની ઝુંબેશમાં વિરોધ પક્ષો શુ આગળ વધી શક્યા છે. ભાજપ સરકારની સામે તે શુ મજબુત વિકલ્પ આપી શકશે કે કેમ તે મોટો પ્રશ્ન થઈ રહ્યો છે. કડવી વાસ્તવિકતા એ છે કે વિપક્ષની અંદર હજુ પણ એટલી બધી દુવિધા અને ગુંચ છે કે કેટલીક તકલીફ રહેલી છે. તેમની એકતાને લઈને પણ પ્રશ્નો થઈ રહ્યા છે. કારણકે આ વિરોધ પક્ષો એક મંચ પર આવ્યા છે પરંતુ તેમની સામે વિચારધારાની સમસ્યા છે. સાથે સાથે તેઓ વિપક્ષના એક નેતાના નામ પર સહમત થઈ શક્યા નથી. વિપક્ષ તરફથી કોઈ વૈકલ્પિક એજન્ડાને રજૂ કરી શકાયો નથી. હજુ સુધી કોઈ એજન્ડાને રજૂ કરવામાં સફળતા ન મળતા સામાન્ય લોકો અટવાઈ ગયા છે. કોલકત્તા રેલીમાં હાજર રહેલા ૨૨ પક્ષોના નેતાઓએ મોદી સરકારની નિંદા કરવા સિવાય કોઈ કામ કર્યુ ન હતુ. કોઈ યોજના રજૂ કરી શકાઈ ન હતી. તેમની પાસે ગઠબંધનના નેતાને લઈને કોઈ જવાબ ન હતો. તેમના મતભેદો સ્પષ્ટપણે સપાટી પર આવ્યા હતા. આ તમામ નેતાઓએ એમ તો કહ્યુ હતુ કે મોદી સરકાર રોજગાર આપવામાં નિષ્ફળ રહી છે. પરંતુ એ બાબત રજૂ કરી શક્યા ન હતા કે જો આવતીકાલે તેમની સરકાર આવશે તો રોજગારની તકને કઈ રીતે વધારશે. તેની પાસે રોજગાર આપવા માટે ફોર્મ્યુલા શુ રહેશે. કોંગ્રેસે હાલમાં ખેડુતોને લઈને એક વલણ સ્પષ્ટ કર્યુ હતુ. જેના ભાગરૂપે તેને ફાયદો પણ થયો છે. જો કે આ સંબંધમાં તમામ પાર્ટીનુ વલણ શુ રહેશે તે બાબત પણ ઉપયોગી છે. બીજા શબ્દોમાં કહેવામાં આવે તો બિન કોંગ્રેસવાદના દોરને સમજી શકાય છે. સંયુક્ત વૈકલ્પિક નીતિઓના દોરમાં કાર્યક્રમ રજૂ કરવામાં આવે છે. હજુ સુધી આ વાત સ્પષ્ટ થઈ શકી નથી કે મોદને હટાવવા માટે ચૂંટણી સુત્ર શુ રહેશે. પારસ્પરિક તાલમેલનો આધાર એ છે કે ઉત્તરપ્રદેશમાં ગઠબંધન બનાવતી વેળા કોંગ્રેસ સાથે કોઈ વાતચીત પણ કરવામાં આવી ન હતી. બસપના નેતા માયાવતી સામાન્ય રીતે કોંગ્રેસ પાર્ટીની જ ટિકા કરતી રહે છે. જે બંગાળમાં વિરોધ પક્ષો એટલા હદ સુધી એકત્રિત થયા અને શક્તિ પ્રદર્શન કરવામાં આવ્યુ તે બંગાળમાં જ મમતાની સાથે ડાબેરીઓની કોઈ પણ પ્રકારની વાત થઈ રહી નથી. પહેલા વિપક્ષી ગઠબંધનમાં ડાબેરીઓની ભૂમિકા સૌથી ચાવીરૂપ હતી. જો કે હવે પ્રશ્ન છે. બીજી બાજુ વિપક્ષી ગઠબંધનના જમાવડામાં કોંગ્રેસની ભૂમિકા શુ રહેશે તે બાબત પણ હજુ સુધી નકકી કરવામાં આવી રહી નથી. એમ લાગી રહ્યુ છે કે દેશના મોટા ભાગના વિસ્તારમાં કોંગ્રેસને મોટા ક્ષેત્રીય પક્ષોની સાથે સાથે ભાજપની સામે લડવાની ફરજ પડનાર છે. લોકસભાની ૨૩૭ સીટો એવા જ પ્રકારની રહેલી છે. આનો લાભ ભાજપને મળશે કે કેમ તે બાબત પણ હજુ સ્પષ્ટ નથી પરંતુ લોકોના મનમાં એક પ્રશ્ન રહેશે કે મોદીની સામે એકમત થનાર લોકોમાં મતભેદો કેમ રહેલા છે. આનાથી રાષ્ટ્રીય સ્તર પર વિરોધ પક્ષોની સ્થિતી નબળી રહેનાર છે. તે જનતાની વચ્ચે સ્થિર સરકારની આશા જગાવી શકશે નહીં. વિપક્ષને હજુ પણ તેની સ્થિતી વધારે સ્પષ્ટ કરવાની ફરજ પડશે.

વિપક્ષની મેગા રેલી બાદ હજુ પણ સવાલ પોતાની જગ્યાએ અકબંધ : લોકોમાં પ્રશ્ન

ચહેરાને રાત્રે રોજ સાફ કરો

બ્યુટિશિયનો અને નિષ્ણાતો કહે છે કે ઠંડા પવન હમેંશા સ્કીન અને વાળને નુકસાન કરે છે. આના કારણે સૌન્દર્યની સમસ્યા ઉભી થાય છે. આ સિઝનમાં તો ઓઈલી સ્કીન પણ શુષ્ક થઈ જાય છે. જેથી શુષ્ક સ્કીનને ક્રીમ અને ઓઈલની મદદથી મોઈસ્ચરાઈઝ કરવામાં આવે છે. બ્યુટિશિયનોનુ કહેવુ છે કે આ પ્રકારની સિઝનમાં દરેક વ્યક્તિએ દરરોજ પોતાના ફેશિયલ કેયર રૂટીન હેઠળ સ્કીનને બે વખત સાફ કરવાની જરૂર હોય છે. સુતા પહેલા ચહેરા પર જામી ગયેલા કચરાને સાફ કરવામાં આવે તે જરૂરી છે. સુતા પહેલા દિવસ દરમિયાન અને સાંજે પણ ચહેરા પર માટી અને ધુળના કણ ચોંટી જાય છે. આ બાબત એમ જાણી શકાતી નથી. જેથી ધીમી ધીમે દરરોજ સુતા પહેલા ગરમ પાણીી સ્કીનને સાફ કરવામાં આવે તે જરૂરી છે. સાથે સાથે સામાન્ય અને શુષ્ક બંને પ્રકારની સ્કીન માટે ક્લીજિંગ ક્રીમ અથવા તો જેલનો પ્રયોગ કરી શકાય છે. વૈકલ્પિક રીતે તમે અડધા કપમાં ઠંડુ પાણી લઈને તેમાં તલ, સુર્યમુખી અને અન્ય ઓઈલ મિક્સ કરીને મિશ્રણ બનાવ્યા બાદ તેને રૂથી સાફ કરવાથી ફાયદો થાય છે. જો સ્કીન ઓઈલી છે તો ક્લીજિંગ અથવા તો ફેશવોશનો ઉપયોગ કરી શકાય છે. ઓઈલી સ્કીન પર કાળા નિશાન પડી જવાથી સ્થિતીમાં ચોખાના પાવડરને દહીમાં મિક્સ કરીને ચહેરા પર સપ્તાહમાં એક બે વખત લગાવવાથી ફાયદો થાય છે. હળવા હાથથી તેને રગડીને સાફ કરવાની જરૂર હોય છે. તમામ પ્રકારની સ્કીન માટે પણ જુદા જુદા પ્રયોગ કરવામાં આવે તો ફાયદો થાય છે. ફેશમાસ્ક પણ ઘરે તૈયાર કરવામાં આવી શકે છે.

બી અવેયર : વધારે પ્રમાણમાં ફળ ખાવાથી દુર રહેવાની સલાહ છે

ડાયાબિટીસ દર્દી ફળો ખાઈ શકે ?

ડાયાબિટીસના દર્દીઓને ફળ ખાવા જોઈએ કે કેમ તે પ્રશ્ન હાલના સમયમાં તમામ લોકો કરતા રહે છે. આને લઈને વિરોધાભાસી જવાબો પણ મળતા રહે છે. ડાયાબિટીસથી ગ્રસ્ત કેટલાક લોકોને એવુ લાગે છે કે ખાંડનુ પ્રમાણ હોતુ નથી જેથી વધુને વધુ પ્રમાણમાં ફળ ખાઈ શકાય છે. જ્યારે કેટલાક લોકો એવા પણ છે જેમને લાગે છે કે ફળ ગળ્યા હોય છે જેથી તેમાં ખાંડનુ પ્રમાણ તો ચોક્કસપણે હોય છે. જેથી તેમનાથી દુર રહેવાની જરૂર છે. આવા ફળ ખાવાથી બ્લડમાં સુગરનુ સ્તર વધવાનો ખતરો રહે છે. આવી સ્થિતીમાં શુ કરવામાં આવે તેવા પ્રશ્ન તમામને સતાવતા રહે છે., માનવ શરીરમાં જે સુગરને ઉર્જા પેદા કરવા માટે સૌથી વધારે ઉપયોગ કરે છે તે ગ્લોકોઝ છે. બટાકા,ચોખા, દુધ ,રોટલી, તમામ ચીજો પચીને લોહીમાં ગ્લોકોઝ પ્રદાન કરે છે. ભોજનમાં લેવામાં આવેલા ખાદ્ય પદાર્થો પેટમાં પચે છે. જેથી ભોજન બાદ હમેંશા લોહીમાં ગ્લોકોઝનુ પ્રમાણ વધેલુ રહે છે. સામાન્ય લોકોમાં આ સ્તર ઓછુ વધે છે. જ્યારે ડાયાબિટીસના દર્દીઓમાં આ સ્તર વધારે પ્રમાણમાં વધે છે. આ બાબતને આધાર તરીકે ગણીને ભોજનના બે કલાક સુધી લોહીમાં સુગરના પ્રમાણની તપાસ કરવામાં આવે છે. અમે લોકો જે દરરોજ ભોજન કરીએ છીએ તેમાં કેટલાક પ્રમાણમાં સુગરનુ પ્રમાણ હોય છે. દુધમાં લેક્ટોજ હોય છે. ફળોમાં ફ્રટોજ અને રોટલીમાં માલ્ટોજ હોય છે. આ વાસ્તવિકતા છે કે જો અમે ફળ ખાઈએ છીએ તો લોહીમાં તરત ગ્લુકોઝન પ્રમાણ એટલુ વધતુ નથી જેટલુ મિઠાઈ ખાવના કારણે વધે છે. અલબત્ત શરીરની અંદર ખાવામાં આવેલા ફ્રકટોજ એટલે કે ફળોના કારણે મળનાર સુગરને ગ્લુકોઝમાં બદલી નાંખવા માટેની પ્રણાલી પણ છે. જેથી ફળનો વધારે પડતો ઉપયોગ પણ ડાયાબિટીસથી ગ્રસ્ત રહેલા લોકોએ કરવો જોઈએ નહી. ફ્રકટોજનના કેટલાક અન્ય નુકસાન પણ રહેલા છે. તે શરીરમાં ટ્રાઈગ્લિસરાઈડ નામના સ્તરને વધારીને સ્થુળતા વધારી દેવામાં ભૂમિકા અદા કરે છે. ફળમાં ફ્રકટોજ ઉપરાંત બીજા પૌષક તત્વો પણ હોય છે. ઈન્સુલિનનુ કામ માનવ કોશિકામાં ગ્લુકોઝને પ્રવેશ અપાવવા માટેનો રહેલો છે. જેથી તેનો ઉર્જા બનાવવામાં ઉપયોગ થઈ શકે છે. જો ફ્રકટોજનુ પ્રમાણ વધારે લેવામાં આવે છે તો તે ઈન્સુલિનના કારણે કોશિકામાં પ્રવેશ મેળવનાર ગ્લુકોઝને રોકે છે. આના કારણે લોહીમાં ગ્લુકોઝનુ પ્રમાણ વધી જશે. ડાયાબિટીસના દર્દીઓ ગળ્યા ફળ ઓછા પ્રમાણમાં ખાવે તેમ નિષ્ણાત તબીબો સલાહ આપે છે. વૈશ્વિક ડાયાબિટીશના આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આ આંકડા ભારત માટે પણ સારા દેખાઈ રહ્યા નથી. નવા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં ૬૧ મિલિયન ડાયાબિટીશના દર્દીઓ છે. તેમાં ગયા વર્ષની સરખામણીમાં ઉલ્લેખનીય વધારો થયો છે. વર્ષ ૨૦૩૦ સુધી ભારતમાં ડાયાબિટીશનો બોઝ ૧૦૦ મિલિયનના આંકડાને પાર કરી જાય તેવી શક્યતા છે. અગાઉ ૮૭ મિલિયનનો આંકડો મૂકવામાં આવ્યો હતો. ભારતમાં મોતનો આંકડો પણ વધારે છે. આ વર્ષે ડાયાબિટીશના કારણે ૯૮૩૦૦૦ લોકોના મોત થઈ ચૂક્યા છે. ઈન્ટરનેશનલ ડાયાબિટીશ ફેડરેસન (આઈડીએફ) દ્વારા આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. ૯.૨ ટકા છે. ભારત ચીન બાદ એવું બીજું દેશ છે જેમાં આંકડો ખૂબ વધારે છે. ભારતમાં આવનાર દેશોમાં આ સમસ્યા વધુ ગંભીર બની શકે છે. ભારતમાં ટાઈપ-૧ ડાયાબિટીસના દર્દીઓની સંખ્યા પણ ૧૧૨૦૦૦ની આસપાસ છે. આંકડા ચિંતાજનક છે કારણ કે ડાયાબિટીસની સમસ્યા હવે નિયમિત સારવારથી થઈ શકે છે. આઈડીએફના જણાવ્યા મુજબ આ વર્ષે ડાયાબિટીશથી ગ્રસ્ત લોકોની કુલ સંખ્યા ૩૬૬ મિલિયનની આસપાસ રહી છે જેમાં ૪.૬ મિલિયનના મોત થયા છે. આરોગ્ય સંભાળ દ્વારા ડાયાબિટીસ ઉપર ખર્ચ ૪૬૫ અબજ ડૉલર સુધી પહોંચી ગયો છે. નવા આંકડા સંકેત કરે છે કે ડાયાબિટીસથી ગ્રસ્ત લોકોની સંખ્યા આ વર્ષે ૩૬૬ મિલિયનથી વધીને વર્ષ ૨૦૩૦ સુધી ૫૫૨ મિલિયન સુધી પહોંચી જશે. જો પૂરતા પગલાં લેવામાં નહીં આવે તો સ્થિતિ વધુ ગંભીર બનશે. આંકડામાં જણાવવામાં આવ્યું છે કે દર ૧૦ સેકન્ડમાં ત્રણ નવા કેસ નોંધાઈ રહ્યા છે અથવા તો દર વર્ષે ૧૦ મિલિયનનો ઉમેરો થઈ રહ્યો છે. આ વર્ષે દક્ષિણ એશિયામાં ડાયાબિટીશના દર્દીઓની સંખ્યા ૭૧.૪ મિલિયનમાંથી આ સંખ્યા ૨૦૩૦ સુધી વધીને ૧૨૦.૯ મિલિયન સુધી પહોંચે તેવી શક્યતા છે. આઈડીએફએ એવો અંદાજ મૂક્યો છે કે ૩૬.૨ મિલિયનની હજુ ચકાસણી કરવામાં આવી નથી.



ઉર્જા પૈદા કરવા માટે ગ્લુકોઝનો ઉપયોગ કરવામાં આવે છે : વધારે પડતા ફળ ખાવાથી દર્દીને નુકસાન થાય છે : નિષ્ણાંતો પણ માને છે

રાહુલ ગાંધીએ ૨૦૧૯ ચૂંટણી પહેલા કાર્યકરોની દુવિધા દુર કરી...

રાહુલ ગાંધી પણ મુકાબલા માટે સજ્જ



હાલમાં ત્રણ રાજ્યોમાં કોંગ્રેસને જીત અપાવીને રાહુલે ભાજપની સામે મોટો પડકાર ઉભો કરી દીધો છે : લોકોના જરૂરી મુદ્દાઓ પર ઉઠાવે છે

રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તિસગઢ જેવા હિન્દુ પટ્ટાના રાજ્યોમાં ભાજપ પાસેથી સત્તા આંચકી લેવામાં સફળતા મેળવી લીધા બાદ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ હવે સાબિતી આપી દીધી છે કે તેઓ લોકસભા ચૂંટણી માટે સંપૂર્ણપણે સજ્જ છે. ખેડુતો, બેરોજગારી સહિતના મુદ્દાને જોરદાર રીતે લોકોની વચ્ચે પણ રાહુલ રજૂ કરવામાં સફળ રહ્યા છે. રાહુલ પહેલાની તુલનામાં હવે વધારે આક્રમક દેખાઈ રહ્યા છે. કાર્યકરોમાં નવા પ્રાણ પણ ફુંકી રહ્યા છે. વડાપ્રધાન પદના ઉદેવારને લઈને રાહુલે અને કોંગ્રેસે હજુ સુધી સ્પષ્ટપણે વાત કરી નથી. જો કે કોંગ્રેસ આ વખતે વધારે શક્તિ સાથે મેદાનમાં ઉતરવા માટે તૈયાર છે. રાહુલ ગાંધીના નિવેદનને લઈને ભલે કેટલાક રાજકીય પક્ષો વધારે મહત્વ આપી રહ્યા નથી પરંતુ રાહુલ ગાંધીએ યોજનાપૂર્વક નિવેદન કરી રહ્યા છે. રાહુલે હાલમાં કહ્યુ હતુ કે વર્ષ ૨૦૧૯માં જો કોંગ્રેસ પાર્ટી સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવશે તો તેઓ વડાપ્રધાન બની શકે છે. જો કે વિરોધ પક્ષોએ હોબાળો કર્યા બાદ કોંગ્રેસ પાર્ટીએ સહમતિની વાત કરી હતી. રાહુલે આ નિવેદન મારફતે કોંગ્રેસના કાર્યકરોના મનમાં છેલ્લા કેટલાક સમયથી પ્રવર્તી રહેલી તમામ દુવિધાનો અંત આણી દીધો હતો. સાથે સાથે તેમના વિરોધીઓને પણ રાહુલે એવો સંદેશો આપી દીધો છે કે તેમને હળવાશમાં લેવાની બિલકુલ જરૂર નથી. જાણકાર નિષ્ણાંતો કહે છે કે રાહુલ ગાંધી યોગ્ય સમય પર પાસો ફેંકી રહ્યા છે. વર્તમાન રાજકીય માહોલમાં આ તમામ ગણતરી કોંગ્રેસની સ્થિતીને કમજોર કરી રહી હતી. ભાજપના લોકોને એમ કહેવાની તક મળી રહી હતી કે રાહુલ ગાંધી રાજનિતીમાં કાચા ખેલાડી છે. તેમની પાસે અનુભવ નથી. વડાપ્રધાન પદના લાયક નથી તેવી વાત પણ થઈ રહી છે. આવી સ્થિતીમાં બિન ભાજપ ત્રીજા મોરચાની શક્યતા પણ ચકાસવામાં આવી રહી હતી. વર્ષ ૨૦૧૯ ચૂંટણી માટે એજન્ડાને રજૂ કરતા રાહુલ ગાંધીએ સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે તેમની પાર્ટી જો જીતશે તો તેઓ વડાપ્રધાન બની શકે છે. લોકસભા ચૂંટણી માટેની તૈયારીમાં કોંગ્રેસ પાર્ટી લાગી ગઈ છે. રાહુલ ગાંધીએ પ્રથમ વખત વડાપ્રધાન પદને લઈને વાત કરી છે. રાહુલે કહ્યુ હતુ કે કેટલાક રાજ્યોમાં અમે પોતાની રણનિતી પર કામ કરીશુ તો કોંગ્રેસને વર્ષ ૨૦૧૪ જેવા પરિણામ જોવા પડશે નહી. તેમણે દાવો કરતા કહ્યુ હતુ કે વર્ષ ૨૦૧૯માં મોદી દેશના વડાપ્રધાન બનશે નહી. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ વર્ષ ૨૦૧૯માં યોજાનારી લોકસભાની ચૂંટણી માટે પીએમ પદની દાવેદારી નોંધાવી દીધા બાદ રાજકીય પક્ષો તરફથી ભાવ મળ્યો નથી. એનસીપી સહિત મોટા ભાગની રાજકીય પાર્ટીએ રાહુલના નિવેદનને વધારે મહત્વ આપ્યુ નથી. રાહુલના નિવેદનને ઉત્સાહજનક સમર્થન મળી રહ્યું નથી. યુપીએના પ્રમુખ સાથી પક્ષ એનસીપીએ કહ્યું છે કે, રાહુલ ગાંધીને પણ સપના જોવાનો અધિકાર છે પરંતુ વડાપ્રધાન કોણ બનશે તે લાખ રૂપિયાનો પ્રશ્ન છે. રાહુલના નિવેદન બાદ જુદા જુદા પક્ષો તરફથી રાજકીય પ્રતિક્રિયા આવી રહી છે. એનસીપી દ્વારા સૌથી કઠોર પ્રતિક્રિયા આપવામાં આવી છે. મહાગઠબંધન બનાવવા માટેની વાત થઈ રહી છે પરંતુ હજુ સુધી કોઈ લીડરને લઈને સહમતિ થઈ શકી નથી. આવી સ્થિતીમાં કોંગ્રેસ માટે પણ સમસ્યા છે. ગઠબંધનમાં અનેક નેતાઓ એવા છે જે મહત્વકાક્ષી છે. જેમાં બસપના નેતા અને પૂર્વ મુખ્યપ્રધાન માયાવતી, આંધ્રપ્રદેશના મુખ્યપ્રધાન અને ટીડીપીના નેતા ચન્દ્રબાબુ નાયડુ, સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવનો સમાવેશ થાય છે. આમાં પણ તૃણમુળ કોંગ્રેસના નેતા અને બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનર્જી પણ સૌથી આગળ દેખાઈ રહ્યા છે. આ તમામ નેતાઓની અપેક્ષા વચ્ચો રાહુલને તક મળે તેવી શક્યતા ઓછી છે. કોંગ્રેસ પાર્ટી હાલમાં આશાવાદી છે. તેની પાર્ટીમાં નવા પ્રાણ પણ ફુંકાયા છે.

એક્સરસાઈઝ ડાયટિંગથી વધુ જરૂરી

વર્ક આઉટ માટે સમય ન મળે તો દરરોજ ૨૦ મિનિટ ચોક્કસપણે વોકિંગ કરવા માટેની સલાહ : એક ચીટ ડે તો સપ્તાહમાં જરૂરી છે

બોલિવુડની વિતેલા વર્ષોની સુપરસ્ટાર અભિનેત્રીની સાથે શિલ્પા શેટ્ટી ફિટનેસ અનમે કુકિંગ માટે પણ ઓળખાય છે. શિલ્પા શેટ્ટીને ખાવા પીવામાં પણ ખબ ક્રેઝ છે. સામાન્ય લોકો માને છે કે જે વ્યક્તિ ફિટનેસ સાથે જોડાયેલ હોય છે તેને ભોજનના ક્રેઝ સાથે દુર દુર સુધી સંબંધ હોતા નથી. જો કે શિલ્પા શેટ્ટીએ આ બાબતને અયોગ્ય સાબિત કરી બતાવી છે. શિલ્પા શેટ્ટી ફિટનેસની દુનિયામાં તો યુવતિઓની ફેવરીટ બનનેલી છે. તે પોતાની ખુબસુરત ફિટનેસના કારણે આજે પણ જાણીતી રહી છે. તેની ખુબસુરતીના રાજ અંગે પુછવામાં આવતા શિલ્પા શેટ્ટી કહે છે કે તે નિયમિત યોગા અને એક્સાઈઝ મારફતે પોતાને ફિટ રાખે છે. તેનુ કહેવુ છે કે દિલ ખુશ રહેશે તો દિમાગ અને શરીર પણ ખુશ રહેશે. શિલ્પા કહે છે કે ગર્ભાવસ્થા દરમિયાન તેનુ વજન ૩૨ કિલોગ્રામ વધી ગયુ હતુ. પરંતુ તે ટુંક સમયમાં જ પોતાની જની ફિટનેસ પર આવી ગઈ હતી. આજે શિલ્પા શેટ્ટી કોઈ પણ નવી અભિનેત્રીની ફિટનેસને ટક્કર આપી શકે છે. તેની ખુબસુરત ફિટનેસ લોકોમાં ચર્ચાના કેન્દ્રમાં હમેંશા રહે છે. તેના માર્ગ પર ચાલવા માટે લાખો યુવતિઓ આજે ઉત્સુક બની છે. શિલ્પા શેટ્ટી કહે છે કે વજન ઘટાડી દેવા માટેની ઈચ્છા ક્યારેય પૂર્ણ થતી નથી કારણ કારણ કે લોકો વચ્ચે વચ્ચે ભટકી જાય છે. શિલ્પા શેટ્ટી નક્કરપણે માને છે કે ડાયટિંગથી વધારે જરૂરી એક્સરસાઈઝ છે. યોગ અને બ્રિથિંગ એક્સરસાઈઝ રોજ કરવામાં આવે તે જરૂરી છે. તે દરેક વ્યક્તિને આ સલાહ તો ચોક્કસપણે આપે છે. વર્ક આઉટનો સમય ન મળે તો દરરોજ કમ સે કમ ૨૦ મિનિટ સુધી વોકિંગ કરવામાં આવે તો ફાયદો મળે છે. ડાયટિંગનો અર્થ ભુખ્યા રહેવાનો બિલકુલ નથી. બિનજરૂરી ભોજન કરવાની ટેવ રાખવી જોઈએ નહી. ભોજનમાં પુરતા પ્રમાણમાં ફાઈબર અને પ્રોટીનને સામેલ કરવામાં આવે તો ફાયદો થાય છે. ખુબ ઓછા ચાહકોને આ અંગેની માહિતી છે કે શિલ્પા શેટ્ટી દર રવિવારે પોતાના ચીટ ડેના વિડિયો ઈન્સ્ટાગ્રામ પર મુકે છે. તે દિવસે તે ડાયટિંગના ટાઈમટેબલથી દુર હટીને મનપસંદ ચીજની મજા માણે છે. ચીટ ડેનુ મહત્વ સમજાવતા તે કહે છે કે સપ્તાહમાં એક દિવસ એવુ નક્કી કરવુ જોઈએ જેના કારણે બોરિયત ભેરલા ડાયટિંગ શેડ્યુલતી પોતાને એક દિવસ માટે સ્વતંત્ર અને મુક્ત રાખવામાં આવે. કઠોર ડાઈટ અને વર્કઆઉટ બાદ તરત ઉર્જા આપીને મેટાબોલિજમ વધારી દેવામાં આવે છે. જ સ્થુળતાને ઘટાડી દેવામાં સહાયક સાબિત થાય છે. એક દિવસ ભોજનમાં ચીટ કરવામાં આવ્યા બાદ ફરી સમગ્ર સપ્તાહ સુધી પોતાના પર નિયંત્રણ રાખવામાં મદદ મળે છે. શિલ્પા શેટ્ટી કહે છે કે સમગ્ર પરિવારનુ ધ્યાન રાખવાની બાબત મહિલા માટે ઉપયોગી છે. સાથે સાથે આ બાબત પડકારરૂપ પણ છે. સમગ્ર પરિવારનુ ધ્યાન રાખવુ અને પોતાના માટે સૌથી છેલ્લે વિચારણા કરવાની બાબત ભારતીય મહિલાની ટેવ હોય છે. શિલ્પા મહિલાઓને સલાહ આપતા કહે છે કે મહિલાઓએ પોતાના અંગે પણ વિચારણા કરવી જોઈએ. તમે જેટલી સ્વસ્થ અને ખુશ રહેશો તેટલા ખુશી સાથે પરિવારના સભ્યો રહેશે. શિલ્પા શેટ્ટીને ભોજન બનાવવા અને ખવડાવવાની બાબત ખુબ પસંદ છે. એવુ બની શકે કે તેના દ્વારા બનાવવામા આવેલા ભોજનમાં તેલનુ પ્રમાણ જોવા ન મળે પરંતુ સ્વાદને લઈને તે હમેંશા ધ્યાન રાખે છે.



વલસાડ જિલ્લાની શાળાઓમાં વિદ્યાર્થીઓની મૂંઝવણ દૂર કરવા 'પ્રશ્નમંજૂષા' પેટી મૂકાશે

વલસાડ

વલસાડ જિલ્લાની માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક તેમજ આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓને શાળા કાળ દરમિયાન વિભિન્ન મુશ્કેલીઓના નિવારણ માટે પ્રશ્ન મંજૂષા (મારી મૂંઝવણ) પેટી ફરજિયાતપણે મૂકવા જિલ્લા શિક્ષણાધિકારી કે.એફ.વસાવાએ જણાવ્યું છે. જે ધ્યાને લઇ જિલ્લાની માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક તેમજ આશ્રમશાળાઓના આચાર્યોએ ઉક્ત સૂચનાનું પાલન કરી તે અંગેની જાણ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે ફોટોગ્રાફ્સ સાથે મોકલી આપવા જણાવાયું છે. જે અંગે એક મહિલા કર્મચારી સહિત ઓછામાં ઓછા ત્રણ અને વધુમાં વધુ પાંચ સભ્યોની સમિતી બનાવવા તેમજ તેના અધ્યક્ષ તરીકે શાળાના આચાર્ય તેમજ મનોવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર અથવા રસ ધરાવતા શિક્ષકને સભ્યસચિવ તરીકે રાખવાના રહેશે. પ્રશ્નમંજૂષા પેટી દર મહિનાની છેલ્લી તારીખે સમિતિના સભ્યો સમક્ષ ખોલી વિદ્યાર્થીઓએ રજૂ કરેલા પ્રશ્નો બાબતે યોગ્ય કાઉન્સેલિંગ કરવાનું રહેશે. જરૂર જણાય તો વાલીઓની હાજરીમાં પરામર્શ કરી પ્રશ્નોનું નિરાકરણ કરવું અને જો પ્રશ્ન શાળા કક્ષાએ ઉકેલી શકાય તેમ ન હોય તો તેની જાણ જિલ્લા શિક્ષણાધિકારીને કરવાની રહેશે. વધુમાં વિદ્યાર્થીએ રજૂ કરેલા પ્રશ્નની ગોપનીયતા જળવાય તેની ખાસ કાળજી રાખવાની સાથે વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નોની નોંધ માટે રજિસ્ટર નિભાવવાનું રહેશે. આ અંગેની જાણ જિલ્લાની દરેક માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક તેમજ આશ્રમશાળાઓને પત્ર દ્વારા કરવામાં આવી છે. વધુ જાણકારી માટે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીનો સંપર્ક સાધવા જણાવાયું છે.

દેશભક્તિ ગીત, સ્વીટ સિંગર અને મોહંમદ અઝીઝના ગીતોની સ્પર્ધા

સ્પર્ધામાં ભાગ લેવા માટે એન્ટ્રીફોર્મ ભરી દેવા

સુરત

સુરત બેંગાલ સ્પોર્ટિંગ યંગ આર્ટસ કલબ સુરત દ્વારા ડોલ્ફીન ક્લબ સુરત અને સુરતી મોઢવણિક યુવક મંડળ, અડાજણ, રાંદેર રોડ, સુરતના પંચમ ગ્રુપના સૌજન્યથી ૨૭મી જાન્યુઆરી ૨૦૧૯ સવારે ૧૧.૦૦ વાગ્યાથી દિલીપ પરેશ હોલ, ટી એન્ડ ટીવી સાર્વજનિક હાઈસ્કૂલ પાસે, નાનપુરા ટીમલીયાવાડ, અઠવાલાઈન્સ રોડ, સુરતમાં સવારે ૧૧.૦૦ વાગ્યાથી દેશ ભક્તિ, કોમી એકતા ગીત બપોરે ૨.૦૦ વાગ્યાથી સ્વીટ સિંગર સ્પર્ધાઓ યોજાશે. ભાગ લેવા હરિશ શાહ મો.નં. ૯૪૨૬૧૦૪૫૬૨, પરેશ ભાટીયા મો.નં. ૯૪૨૬૧૪૦૭૧૮, મોહિન મલિક મો.નં. ૯૪૦૮૭૬૬૧૧૬, મોરકસ સ્ટ્રીટ ઝાંપાબજાર સુરત, રવિકુમાર અલગ મો.નં. ૯૮૪૧૧૧૬૦૧, બી.ટી. ફોટો ૯૮૨૫૦૫૪૩૦૦ અથવા બેસ્ટ બેકરી ભાગળ બજાર સુરત પાસેથી પ્રવેશ પત્રા ૨૩મી જાન્યુઆરી સુધીમાં ભરી જવા જણાવાય છે. ત્રણે ગીત સ્પર્ધાઓના ૩૦ વિજેતાઓને ટ્રોફીઓ અને પ્રમાણપત્રો અપાશે.



મોરા ભાગળ સ્થિત ગુરૂકૃપા વિદ્યાલયના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા ગામખડી મેદાન ખાતે વંદેમાતરમ ગીતની અનોખી પ્રસ્તુતિ કરવામાં આવી હતી. શાળા પરિવાર દ્વારા રાષ્ટ્રીય પર્વની ઉજવણીના ભાગરૂપે સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભેગા મળી 'વંદેમાતરમ્ના અક્ષરમાં બેસી એકસાથે આખુ વંદેમાતરમ્ ગીતનું સમૂહગાન કરી અનોખી સિદ્ધિ હાંસલ કરી હતી. ૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ એક સાથે વંદેમાતરમનું ડ્રોઈંગ કરી દેશ અને શાળા પ્રજાસત્તાક દિન નિમિત્તે દેશભક્તિ અને રાષ્ટ્રપ્રેમની અનોખી બેટ પણ આપી હતી.

માત્ર ૧૨ દિવસ અગાઉ નોકરીએ જોડાયેલ કારીગર રૂ. ૨.૦૮ લાખના હીરા ચોરી ફરાર

સુરત

કતારગામ જેરામ મોરાર ની વાડી સ્થિત હીરાના કારખાનામાં માત્ર ૧૨ દિવસ અગાઉ નોકરી એ જોડાયેલો બનાસકાંઠા નો યુવાન ગત સોમવારે રાત્રે નોકરી દરમિયાન કારખાનામાંથી રૂ.૨.૦૮ લાખની કિંમતના હીરા ચોરી ફરાર થઈ ગયો હતો.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ મૂળ સુરેન્દ્રનગરના વતની અને સુરતમાં કોઝવે રોડ ભગુનગર સોસાયટી ઘર નંબર ૭૨ માં રહેતા ૩૧ વર્ષીય નરેન્દ્રભાઇ ઉર્ફે મેહુલ જેરામભાઈ બાપોદરીયાએ પાંચ માસ અગાઉ કતારગામ જેરામ મોરારની વાડી પ્લોટ નંબર એ-બી/૩૬ ના ચોથા માળે વિહત ડાયમંડ ના નામે હીરાનું કારખાનું શરૂ કર્યું હતું. તેમના કારખાનામાં કામ કરતા ૧૪ કારીગરો પૈકી બનાસકાંઠાના દાંતીવાડા તાલુકાના મોટી ભાખર ગામનો સુરેશ હજુરસિંહ ઠાકોર લેસર મશીન ઉપર દિવસ નાઇટ શિફ્ટ માં ૧૨ દિવસ અગાઉ નોકરીએ જોડાયો હતો.

ગત મંગળવારે મળસકે ચાર વાગ્યાના અરસામાં કારખાનામાં સૂતા જૂના કારીગરો પૈકી મનસુખભાઈ એ નરેન્દ્રભાઈને ફોન કરી જણાવ્યું હતું કે સુરેશ કારખાનામાં હાજર નથી. આથી નરેન્દ્રભાઈ કારખાને દોડી ગયા હતા અને તપાસ કરી તો સુરેશને કામ કરવા માટે આપેલા રૂપિયા.૨.૦૮ લાખની કિંમતના હીરાના ૨૦ પડીકા પણ ગાયબ હતા.નરેન્દ્રભાઈ એ સુરેશની સમગ્ર વિસ્તારમાં શોધખોળ કરી હતી પરંતુ તે મળ્યો ન હતો.આથી છેવટે ગત રોજ તેમણે સુરેશ વિરુદ્ધ કતારગામ પોલીસ મથકમાં નોકર ચોરીની ફરિયાદ નોંધાવી હતી. વધુ તપાસ પીએસઆઈ એમ વી ચાવડા કરી રહ્યા છે.

૧૦.૪૩ લાખનો માલ વેચનાર વેપારીએ ઉઘરાણી કરતા 'જોઈ લેવાની' ધમકી

સુરત

રૂા. ૧૦.૨૩ લાખની કિંમતનો ગ્રે કાપડનો જથ્થો ખરીદી પેમેન્ટ માટે વાયદાઓ કરી પોલીસ ફરિયાદ કરશે. તો જોઈ લેવાની ધમકી આપી ચાર વેપારીઓ વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી. મહિધરપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ઉધના નહેર પાસે રેણુકાનગરમાં રહેતા કિશોરચંદ્ર પરસોત્તમદાસ મહુવાગરાએ આરોપી નમન રસરાજ મુનશી (સૂર્યમ રેસિડેન્સી, પાલ), નિમેશભાઈ ઉર્ફે મનીષભાઈ (ક્રિષ્ના માર્કેટ રિંગરોડ), અશોક ભગીરથ પ્રજાપતિ (શિવકૃપા માર્કેટ કમેલા દરવાજા) રાજેશ રાધેશ્યામ (ક્રિષ્ના માર્કેટ રિંગરોડ) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ ફરિયાદી પાસેથી રૂા. ૧૦,૨૩,૫૪૯ની કિંમતનો માલ ખરીદી છેલ્લા એક વર્ષથી પેમેન્ટ માટે વાયદાઓ કરી પોલીસમાં જશે તો જોઈ લેવાની ધમકી આપી વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી.આ અંગે મહિધરપુરા પોલીસે કિશોરચંદ્ર પરસોત્તમદાસની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

સાપુતારા બસ દુર્ઘટના કેસમાં ડ્રાઈવરના જામીન ફગાવતી કોર્ટ

સુરત

આહવા-સાપુતારા લકઝરી બસ દુર્ઘટના પ્રકરણમાં સંકળાયેલા ડ્રાઈવર, લકઝરી બસના માલિક અને ગુરૂકૃપા ટ્યુશન કલાસના સંચાલિકા દ્વારા આહવા સેશન્સ કોર્ટમાં કરવામાં આવેલી રેગ્યુલર જામીન અરજી સુનાવણીના અંતે ડ્રાઈવરના જામીન ફગાવી દઈ બાકીના બે આરોપીઓના જામીન અદાલતે મંજૂર કરતો હુકમ કર્યો હતો. આ કેસની વિગતો એવી છે કે, અમરોલી- છાપરાભાઠા વિસ્તારમાં આવેલા ગુરૂકૃપા ટ્યુશન કલાસની સંચાલિકા નિતાબેન બિપિનચંદ્ર પટેલે ટ્યુશન કલાસના વિદ્યાર્થીઓને સાપુતારા લકઝરી બસ મારફતે ગત તા. ૨૨મી ડિસેમ્બરના રોજ ફરવા લઈ ગયા હતા. જ્યાં રાત્રિના સુમારે ડ્રાઈવરે સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવતા લકઝરી બસ માલગામ અને ધ્રુલદા ગામની વચ્ચે આવેલી ઊંડી ખીણમાં ખાબકતા ૧૦ વ્યકિતઓના કરૂણ મોત નીપજ્યા હતા. જ્યારે શ્રેયા કથીરિયા નામની ૨૦ વર્ષની માસૂમનું બે દિવસ પહેલાં અમરોલી જીવન જ્યોત હોસ્પિટલમાંમોત નીપજતા મૃત્યુઆંક ૧૧ પર પહોંચ્યો હતો. ડાંગ પોલીસે આરોપીઓ સામે આઈપીસી-૩૦૪ મુજબનો ગુનો દાખલ કરી ટ્યુશન સંચાલિકા નીતા પટેલ, ડ્રાઈવર સંજય મહેતા અને લકઝરીના બસ માલિક હાર્દિક ખુમાણની ધરપકડ કરી હતી. ત્રણેયઅ ારોપીઓ દ્વારા જામીન અરજી કરવામાં આવતા અદાલતે ડ્રાઈવરના જામીન કરદ કરી બાકીના બે આરોપીઓને જામીન પર છોડવામાં હુકમ કર્યો હતો.

૩૦મીએ પીએમ મોદીનો મેગા ઈન્ડોર સ્ટેડિયમ શો યોજાશે

સુરત

આગામી ૩૦ જાન્યુઆરીએ વડાપ્રધાન મોદી સુરતના પ્રવાસે આવનાર છે. ત્યારે નરેન્દ્ર મોદીનો મેગા ઈન્ડોર સ્ટેડિયમ શો યોજાશે. જેમાં પીએમ મોદી અંદાજે ૧૫ હજાર જેટલા પ્રોફેશનલો સાથે ચર્ચા કરશે.

આ કાર્યક્રમમાં વકીલ, સીએ, ટેક્સ એક્સપર્ટ અને ડોકટર ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં ભાગ લેવા માટે રજિસ્ટ્રેશન પણ શરૂ કરવામાં આવશે.

આ ઉપરાંત આગામી ૩૦ જાન્યુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટનું ઉદ્ઘાટન કરશે. ત્યાર બાદ સુરત એરપોર્ટને લિમિટેડ ઈન્ટરનેશનલ એરપોર્ટનો દરજ્જો મળશે.

જે બાદ ૧૬ ફેબ્રુઆરીથી સુરત-શરજહાંની ફ્લાઈટ શરૂ થશે. જેથી સુરતને આર્થિક ફાયદો થશે, તેમજ સુરતવાસીઓનો સમય બચી શકશે.

સુરત એરપોર્ટ પર આઈએલએસ ટૂંક સમયમાં કાર્યરત કરી દેવાશે

સાંસદ સી.આર. પાટીલે એરપોર્ટ ઓથોરિટી ચેરમેન સાથે ટેલીફોનિક ચર્ચા કરી

સુરત

આગામી ૩૦મી જાન્યુઆરીનો દિવસ સુરત એરપોર્ટ માટે ખુબ જ મહત્વનો દિવસ સાબીત થશે. છેલ્લા કેટલાય વર્ષોથી સુરતવાસીઓની આંતરરાષ્ટ્રીય એરપોર્ટની માંગ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ધ્યાન પર લઈને સુરત એરપોર્ટને આંતરરાષ્ટ્રીય બનાવા આડે આવતી તમામ અડચણોને દુર કરી છે. ત્યારે સુરત એરપોર્ટ પર ખોટકાયેલી ILS સિસ્ટમ સંદર્ભે પણ સાંસદ સી.આર.પાટીલે એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના ચેરમેન શ્રી. ગુરુપ્રસાદ મહાપાત્રા સાથે ટેલીફોનીક ચર્ચા કરી સુરત એરપોર્ટને પડતી સમસ્યા તાકીદે દુર કરવા જણાવ્યું છે. ચોમાસામાં ભારે વરસાદને કારણે એરપોર્ટના રન-વે પર પાણી ભરાઈ જવાને કારણે, ધુમ્મસ જેવી વિપરીત પરીસ્થિતીઓમાં પણ વિમાનને લેન્ડીગમાં સહાયતા પુરી પાડતી ILSસિસ્ટમને ભારેનુકશાન થયું હતું. ત્યાર બાદ તેનું સમારકામ શરુ કરવામાંઆવ્યુંહતું, હાલમાં ILS સિસ્ટમને લગતી તમામ કામગીરી પૂર્ણ થઈ ચુકી છે, પરંતુ એરપોર્ટ ઓથોરીટીના કેટલાક માપદંડોને આધારે તેની ચકાસણી થયા બાદ જ તેને વિમનના ટેકઓફ અને લેન્ડીગ માટે ઉપયોગમાં લઈ શકાય છે.

રાજદ્રોહ કેસમાં અલ્પેશ કથીરિયાની રીવીઝન અરજીની હાઈકોર્ટમાં સુનાવણી

સુરત

અમરોલી પોલીસ મથકના રાજદ્રોહના ગુનામાં જામીન મુકત થયા બાદ કાયદો-વ્યવસ્થાનો ભંગ કરતા ડીસીબી દ્વારા આરોપીના રેગ્યુલર જામીન રદ કરવા માટેની એક પરચૂરણ અરજી કરવામાં આવી હતી. સુનાવણીના અંતે અદાલતે આરોપી અલ્પેશના જામીન રદ કરતા આ હુકમને પડકારવા તેમના ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ રફીક લોખંડવાળા દ્વારા એક રીવીઝન અરજી કરવામાં આવી હતી. આ રીવીઝન અરજીની સુનાવણી આજે વિદ્વાન જસ્ટિસ એસ.એચ. વ્હોરાની કોર્ટમાં ક્રમ નંબર-૧૩ પર થશે. એવું બચાવ પક્ષના એડવોકેટ યશવંતસિંહવાળાએ જણાવ્યું હતું.

આ કેસની ટૂંકી વિગતો એવી છે કે, પાટીદાર આંદોલન દરમિયાન મોટા વરાછા ખાતે રહેતા વિપુલ દેસાઈને ત્યાં જઈ હાર્દિક પટેલે પોલીસ વિરુદ્ધ બેફામ નિવેદનો કર્યા હતા. અમરોલી પોલીસ મથકમાં પૂર્વ ડીસીપી મકરંદ ચૌહાણે હાર્દિક પટેલ તથા તેની આણી મંડળી સામે રાજદ્રોહની ફરિયાદ દાખલ કરાવતા ડીસીબીએ તબક્કાવાર હાર્દિક, ચિરાગ, વિપુલ, અને અલ્પેશ કથીરિયાની ધરપકડ કરી હતી. હાલમાં અલ્પેશ સિવાય તમામ આરોપીઓ જામીન મુકત છે. જામીન મુકત થયા બાદ અલ્પેશ દ્વારા વરાછા અને સરથાણા વિસ્તારમાં કાયદો-વ્યવસ્થાનો ભંગ કરવામાં આવતા ડીસીબી દ્વારા તેના રેગ્યુલર જામીન રદ કરવા માટે એક પરચુરણ અરજી કરી હતી જે અદાલત દ્વારા અલ્પેશની જામીન ફગાવી દેવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમના હાઈકોર્ટના એડવોકેટ રફીક લોખંડવાળા દ્વારા રીવીઝન અરજી કરી હતી. આ રીવીઝન અરજીમાં લોખંડવાળાએ જણાવ્યું હતું કે, રાજદ્રોહના ગુનામાં કોઈ સાક્ષી કે પુરાવાઓ સાથે છેડાછડ કરવામાં આવી નથી. જેટલી પણ એફઆઈઆર દાખલ થઈ છે. તેમાં સરકાર ફરિયાદી બની છે.

ઉત્તર ભારતમાં બરફ વર્ષાને પગલે દક્ષિણ ગુજરાતમાં ઠંડી ૨ ડિગ્રી વધી

સુરત

સમગ્ર ઉત્તર ભારત અને જમ્મુ કાશ્મીરમાં કાતિલ હિમપવનની અસર દક્ષિણ ગુજરાતમાં જોવા મળી રહી છે. બે દિવસથી વાતાવરણમાં આવેલ અચાનક પલટાના લીધે ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. હજી આગામી બે દિવસ સુધી ઠંડીનું જોર યથાવત રહે છે તેવી શક્યતા છે. સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૨૮.૨ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૬.૬ ડિગ્રી નોંધાયું છે. ગતરોજ ન્યુનત્તમ તાપમાન ૧૮.૬ ડિગ્રી નોંધાયું હતું.આજે હવામાં ભેજનું પ્રમાણ ૬૮ ટકા અને હવાનું દબાણ ૧૦૧૬.૫ મીલીબાર નોંધાયું છે. શહેરમાં દક્ષિણ-પૂર્વ દિશાથી કલાકના ૮ કિલોમીટરની ઝડપે ઠંડો પવન ફૂંકાઈ રહ્યો છે. નવસારીમાં આજે ન્યુનત્તમ તાપમાન ૧૧.૬ ડિગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૧૪ ડિગ્રી નોંધાયુ હતું. આજે વલસાડમાં ૧૪.૫ ડિગ્રી ન્યુનત્તમ તાપમાન નોંધાયું છે. ગતરોજની સરખામણીએ આજે દક્ષિણ ગુજરાતના ન્યુનત્તમ તાપમાનમાં ૨ ડિગ્રી ઘટાડો અને સુસવાટાભેર ઠંડો પવન ફૂંકાવાના લીધે ઠંડીનો ચમકારો વધ્યો છે.

નિલગીરી ગ્રાઉન્ડ પર યોજાયેલા કાર્યક્રમમાં અંજલીબેન રૂપાણીની ઉપસ્થિતિ

સુરત

મોદી સમર્થક મહિલા મંડળ દ્વારા પ્રતિવર્ષ મકરસંક્રાતી બાદ મહારાષ્ટ્રીયન પરંપરા મુજબ હળદી-કુંકુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ એકત્રીત થાય છે, આ વર્ષે પણ લિંબાયતના નિલગીરી ગ્રાઉન્ડ પર હળદી-કુંકુના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે મોદી સમર્થક મહિલા મંડળ દ્વારા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના ધર્મપત્ની શ્રીમતી અંજલીબેન રૂપાણીને વિશેષ આમંત્રીત કર્યા હતાં. આ ઉપરાંત વડોદરાના ધારાસભ્ય શ્રીમતી મનીષાબેન વકીલ અને માજી ધારાસભ્ય શ્રીમતી નિમિષાબેન સુથાર પણ ઉપસ્થિત રહ્યાં હતાં. સાંસદ શ્રી. સી.આર. પાટીલ, સૌ.ગંગાબેન પાટીલ, યુથ ફોર ગુજરાતના પ્રમુખ જીગ્નેશભાઈ પાટીલ સહિત લિંબાયતના ધારાસભ્ય સંગીતાબેન પાટીલ, સુરત મ્યુનીસીપલ કોર્પોરેશનનાંવિવિધ સમિતિનાં ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ અને માજી કોર્પોરેટરોની ઉપસ્થીતીમાં યોજાયેલા હળદી-કુંકુના કાર્યક્રમમાં અંદાજે ૧૪ હજાર મહિલાઓએ ભાગ લીધો હતો. હળદી-કુંકુના કાર્યક્રમની સાથો સાથ મહિલા સશક્તીકરણની વાતો પહોંચડતા મોદી સમર્થક મહિલા મંડળ દ્વારા આ વર્ષે પણ બેટી બચાવો-બેટી પઠાવોના સુત્ર પર બનેલા જરા થોભો નાટક ભજવ્યું હતું. કાર્યક્રમમાં ભાગ લેવા વિશેષ પધારેલા અંજલીબહેન રૂપાણીએ મહિલાઓ માટે કાર્ય કરતી સંસ્થાની પ્રશંસા કરી, મહિલાઓના સશક્તીકરણ માટે મહિલાઓને જ આગળ આવવા જણાવ્યું હતું, તેમજ કાર્યક્રમમાં હાજર રહેલી તમામ મહિલાઓને પ્રતિક ભેટ પણ આપવામાં આવી હતી.

નિરંકારી મિશનના સંત જેએસ ખુરાના સુરત પધાર્યા

સુરત

સુરત, નિરંકારી સદગુરુ માતા સુદિક્ષા જી દ્વારા રોશન મિનાર ની ઉપાધિ થી સન્માનિત સંત શ્રી જે.એસ.ખુરાના ×ચચાજી× દિલ્હી થી મુંબઈ જતા અહી સુરત અંબાનગર સ્થિત સોમનાથ સોસાયટી માં આધ્યાત્મિક સત્સંગ નું આયોજન કરવામાં આવ્યું. તેઓ નુંસ્વાગત દક્ષિણ ગુજરાત ના પ્રભારી શ્રી ઓંકાર સિંહ જી સુરત ઝોન ના સુરત બ્રાન્ચ ના સંચાલક લાલમણી માસ્ટર અને શિક્ષક જીવન સિંહ જી સહિત બધા સેવાદળ સદસ્યો એ સ્વાગત કર્યું. આ અવસર પર મુખ્ય સંચાલક શ્રી જે.એસ.ખુરાના જી એ સેવાદળ ને સંબોધિત કરતા જણાવ્યું કે સેવા પ્રેમ ની નિશાની છે. કોઈક ને પ્રેમ કરવો અને કોઈક ને ખુશી આપવી એ પણ મહાન સેવા છે.

નવસારી ખાતે "ચાઈલ્ડ ફ્રેન્ડલી એન્વાયરમેન્ટ" વિષય પર વર્કશોપ યોજાયો



નવસારી

ભારત સરકાર દ્વારા અમલીકૃત સંકલિત બાળ સુરક્ષા યોજના અંતર્ગત કલેકટરશ્રીના અધ્યક્ષપણા હેઠળ કાર્યરત જિલ્લા બાળ સુરક્ષા એકમ,નવસારી દ્વારા આજ રોજ "ચાઈલ્ડ ફ્રેન્ડલી એન્વાયરમેન્ટ" વિષય પર નવસારી જિલ્લાના પ્રાથમિક/ માધ્યમિક/ ઉચ્ચત્તર માધ્યમિક/ આશ્રમ શાળાના આચાર્યશ્રીઓ સાથે ઓરીએન્ટેશન વર્કશોપ યોજાયો હતો.જે

માં તજજ્ઞ અને પ્રાધ્યાપક દિપક તરૈયા 'ઉદ્દીપક' દ્વારા ખૂબ જ સીધા, સરળ અને અસરકારક ઢબે ચાઈલ્ડ ફ્રેન્ડલી લર્નિંગ ટીચીંગ પ્રોસેસ, બાળકોના અધિકાર આધારિત શૈક્ષણિક પ્રક્રિયા વિકસાવવા જણાવ્યું હતું. કિશોર ન્યાય અધિનિયમ (કાળજીઅને રક્ષણ), ૨૦૧૫ અને જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા નિયમ-૨૦૧૨, શિક્ષક વિદ્યાર્થી સંબંધ, શું કરવું અને ન કરવું તે અંગે સંવેદનશીલતા વિકસાવવાની વિવિધ ભલામણો બાળ મૈત્રીપૂર્ણ વાતાવરણ વિકસાવવા માટે, આરટીઈએક્ટ અને બાળ અધિકારોના વિવિધ પરિપ્રેક્ષ્યો બાળ કેન્દ્રિત પદ્ધતિઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સંવેદનશીલ પ્રક્રિયા વિકસાવવા માટે બાળકના મહત્વના સમજૂતી જેવા વિષયો ઉપર પ્રકાશ પાડી શાળાના આચાર્યોને પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ચૌધરી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી એ. એસ. પટેલ,આશ્રમ શાળા અધિકારીશ્રી એન. એચ. રાણા, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રીમતી હેમલતા ગણેશ ગંજી, બાળ કલ્યાણ સમિતીના અધ્યક્ષ શ્રીમતી શોભનાબેન દેસાઈ, બાળ કલ્યાણ સમિતીના સભ્યશ્રી રેણુકાબેન ચોકસી ઉપસ્થિત રહ્યા હતા.

તા.૨૭મીએ વલસાડમાં યોજાશે મોઢાના કેન્સર માટેનો નિ:શુલ્ક શિબિર અને નિદાન કેમ્પ

વલસાડ

વલસાડ-વાપી ડેન્ટલ એસોસીએશન પ્રમુખ ડો. ચંદન મણિયારના નેતૃત્વ હેઠળ મોઢામાં થતા કેન્સર અંગે માર્ગદર્શન અને પ્રાથમિક નિદાન માટે નિ:શુલ્ક નિદાન કેમ્પનું આયોજન તા.૨૭/૧/૨૦૧૯ના રોજ સવારે ૯-૩૦ કલાકે વાડિયા હોલ, બાઈ આવાંબાઈ હાઈસ્કૂલ વલસાડ ખાતે કરવામાં આવ્યું છે. આ કેમ્પનું ઉદ્ઘાટન વલસાડ કલેક્ટર સી.આર.ખરસાણના હસ્તે કરવામાં આવશે. જેમાં અતિથિવિશેષ તરીકે જિલ્લા પોલીસ અધિક્ષક સુનિલ જોષી તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અનિલ પટેલ હાજરી આપશે.

આ અવસરે દક્ષિણ ગુજરાતના કેન્સર સર્જન ડાક્ટ્ર. અક્ષય નાડકર્ણી, ડાક્ટ્ર.સાગર અગ્રવાલ, ડાક્ટ્ર.મીતેષ મોદી તેમજ ડેન્ટલ સર્જન નિલાક્ષ મુફ્તી, ડાક્ટ્ર.અમરેશ મણિયાર અને ડાક્ટ્ર.ફોરમ શુકલા કેન્સરના કારણો, સમયસર નિદાન, ઉપચાર અંગે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરશે.

આ કેમ્પના આયોજનમાં વલસાડની સ્વયંસેવી સંસ્થાઓ ઈનરવ્હીલ કલબ ઓફ વલસાડ, રોટરી કલબ ઓફ વલસાડ, વલસાડ ઈન્ડિયન મેડીકલ એસો., લાયન્સ કલબ ઓફ વલસાડ, મેટ્રો ઓટોમોબાઈલ્સ-વાપી, એસસેન્ટ મેડીલેક લી. પણ સહયોગ આપશે. આ સંદર્ભે સેક્રેટરી ડાક્ટ્ર.આનંદ દેસાઈએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, કેન્સરનું વહેલું નિદાન જીવ બચાવી શકે છે. કેમ્પમાં ભાગ લેવા માટેનું રજિસ્ટ્રેશન મોબાઈલ નંબર ૯૮૯૮૨૭૮૦૮૯ અથવા ફોન નંબર ૦૨૬૦-૨૪૨૨૩૧૬ ઉપર સવારે ૧૦-૦૦ થી સાંજના ૫-૦૦ દરમિયાન કરાવી શકાશે.

યુવક ઉપર અત્યાચાર કેસમાં અઠવા પોલીસ સામે એફઆઈઆર નોંધવા આદેશ

સુરત

સુરતના અઠવાલાઈન્સ પોલીસે દારુના કેસમાં યુવકની અટક કર્યા બાદ તેને માર નહીં મારવાના નામે પોલીસે મોટી રકમ પડાવી હતી. ત્યારબાદ પણ યુવાનને ઢોર માર મરાતા તેની બંને કિડની ફેઈલ થઈ ગઈ હતી. ચારેય પોલીસ કર્મીઓ સામે ફરિયાદ નોધવા માટે પોલીસ કમિશ્નર સુધી રજૂઆત કરી હોવા છતાં એફઆઈઆર નહીં નોંધાતા પરિવારે હાઈકોર્ટમાં અરજી કરી હતી.

મળતી માહિતી પ્રમાણે આઠ માસ અગાઉ અઠવાલાઈન્સ પોલીસ મથકના સર્વેલન્સ વિભાગના પીએસઆઈ ચાવડા સહિત પોલીસ કર્મીઓ સંજય ભરવાડ કિરપાલ સિંગ અને ધર્મેશ ગઢવીએ પ્રોહિબિશનના કેસમાં કપિલ જેઠાભાઈ પટેલ નામના યુવાનની ધરપકડ કરી હતી. ધરપકડ બાદ તેના પરિવારને બોલાવી કપિલને લોકઅપમાં નહીં મારવાના નામે રૂપિયા સાત લાખની માંગણી કરાઈ હતી.

બેબાકળા બનેલા પરિવારજનોએ એક લાખ રૂપિયા પોલીસ કર્મીઓને ચુકવી દીધા હતા. આમ છતાં બાકીની રકમ મેળવવા ચારેય પોલીસ કર્મીઓએ લોકઅપમાં કપિલ ઉપર શારીરિક જુલમ ગુજાર્યો હતો. પોલીસે ઢોર માર મારતા કપિલની બંને કિડનીઓ ફેઈલ થઈ ગઈ હતી. આઠ માસ અગાઉ અઠવા પોલીસ મથકના લોકઅપમાં ફિલ્મી સ્ટાઈલથી યુવાનની ધોલાઈને લઈને સમગ્ર પોલીસ બેડામાં ચકચાર મચી ગઈ હતી.

આ મામલે કપિલ પટેલના પરિવારજનોએ ચારેય પોલીસ કર્મીઓ સામે ફરિયાદ નોંધવવા પોલીસ કચેરી સુધી પગથિયા ઘસી નાંખ્યા હતા. આમ છતાં કોઈએ ફરિયાદ નહીં સાંભળતા છેવટે વકિલ મારફતે ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિયલ ક્રિમિનલ પિટિશન ફાઈલ કરી હતી.

તાપી નદી શુદ્ધિકરણના મુદ્દે કોંગ્રેસ કોર્પોરેટર દિનેશ કાછડીયાના ધરણા

તાપી નદી શુદ્ધિકરણની માત્ર વાતો થાય છે : કાછડીયા

સુરત

તાપી નદીમાં ચોમાસા બાદ ફરી જળકુંભીનું આવરણ છવાયું છે. ત્યારે જળકુંભીની સફાઈને લઈને કોંગ્રેસના કોર્પોરેટર દિનેશ કાછડીયા ધરણા પર બેઠાં હતાં. આ સમયે પાલિકા દ્વારા જળકુંભીની સફાઈ માટે જેસીબી સહિતના મશીનો મુકીને જળકુંભીની સફાઈ કરવાની શરૂઆત કરી હતી.

કોંગ્રેસના કોર્પોરેટર દિનેશ કાછડીયાએ જણાવ્યું હતું કે, તંત્ર તાપીના શુધ્ધિકરણ પ્રત્યે ઉદાસિનતા સેવી રહ્યું છે. તાપીમાં જળકુંભી દૂર કરવાની માત્ર વાતો કરવામાં આવે છે. પરંતુ નક્કર કામ થતું નથી. એકવાર જળકુંભી દૂર થયા બાદ ફરી થાય છે. સરકારે ફાળવેલા રૂપિયાનો ઉપયોગ તાપી શુધ્ધિકરણમાં થતો નથી. પાલિકા તંત્ર તાપી નદીના શુદ્ધિકરણ અને સફાઈ અંગે ઉદાસીન હોવાનું જણાઈ આવે છે. કોંગ્રેસ દ્વારા જયારે જયારે રજૂઆત કરવામાં આવે ત્યારે તંત્ર થોડું હરકતમાં આવે છે. જળકુંભી સફાઈ કરે છે અને થોડા સમય બાદ પાછી કામગીરી બંધ કરવાથી જળકુંભી વધી જાય છે. આ સતત કામગીરી કરવાના બદલે જયારે વિરોધ થાય ત્યારે જ સફાઈનો દેખાડો કરવામાં આવે છે.

આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરનો પ્રવાસ કાર્યક્રમ

વલસાડ

વન અને આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણલાલ પાટકર તા.૨૪/૧/૧૯ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે આહવા ખાતે મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં યોજાનાર કાર્યક્રમમાં તેમજ સાંજે ૭-૩૦ કલાકે જલારામ વિદ્યામંદિર, ફલધરા ખાતે યોજાનાર વાલીદિન અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં હાજરી આપશે. મંત્રીશ્રી તા.૨૭/૧/૧૯ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે ફણસા ખાતે કોળી સમાજના સાંસ્કૃતિક ભવવના ખાતમુહૂર્ત કાર્યક્રમમાં, બપોરે ૧૨-૦૦ કલાકે વિક્રમગઢ-મહારાષ્ટ્ર ખાતે વારલી સમાજના સ્નેહમિલન કાર્યક્રમમાં, બપોરે ૩-૩૦ કલાકે પારડી મામલતદાર કચેરીની બાજુમાં યોજાનાર ભગવાન જગન્નાથની રથયાત્રા પ્રસંગમાં, સાંજે ૪-૦૦ કલાકે વારલી સમાજ આયોજિત માણેકપોર ખાતે યોજાનાર ક્રિકેટ ટુર્નામેન્ટમાં તેમજ સાંજે માનવ કલ્યાણ હોલ તેમજ ભુલાલક્ષ્મી પાર્ટી પ્લોટ ખાતે યોજાનાર લગ્ન પ્રસંગોમાં હાજરી આપી અનુકૂળતાએ ધોડીપાડા જવા રવાના થશે.

૨૮મીએ એન્ટીલેપ્રસી પખવાડિયાના આયોજન અંગે બેઠક મળશે

રાષ્ટ્રીય રક્તપિત્ત નિમૂલન કાર્યક્રમ અંતર્ગત તા.૩૦મી જાન્યુઆરીથી ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૯ દરમિયાન સ્પર્શ લેપ્રસી અવેરનેસ કેમ્પેઈન યોજાનાર છે. આ કેમ્પના આયોજન અંગેની બેઠક તા.૨૮/૧/૧૯ના રોજ સાંજે ૬-૩૦ કલાકે કલેક્ટર કચેરી, વલસાડના સભાખંડ ખાતે જિલ્લા કલેક્ટર સી.આર.ખરસાણાના અધ્યક્ષસ્થાને મળશે. આ બેઠકમાં સંબંધિત અમલીકરણ અધિકારીઓને હાજર રહેવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અનિલ પટેલ દ્વારા જણાવાયું છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આજે ડાંગ જિલ્લાની મુલાકાતે

આહવા

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તા.૨૪મી જાન્યુઆરી, ૨૦૧૯નાં રોજ ડાંગ જિલ્લાની મુલાકાતે પધારી રહ્યા છે.

ડાંગ જિલ્લાના મુખ્ય વહિવટી મથક આહવા ખાતે રૂા.૧૮.૮૭ કરોડના ખર્ચે તૈયાર થયેલી અદ્યતન સુવિધા સાથેની કલેક્ટર કચેરીના નવા જિલ્લા સેવા સદનનું લોકાર્પણ કરવા સાથે, મુખ્યમંત્રીશ્રીના હસ્તે ગિરિમથક સાપુતારા ખાતે સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાત દ્વારા રૂા.૬.૦૯ કરોડના ખર્ચે તૈયાર થયેલા સ્પોર્ટ્સ હોસ્ટેલ અને મલ્ટીપર્પઝ ઈન્ડોર હોલ, તથા સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત આહવા ખાતે રૂા.૧.૭૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયનું પણ ડીજીટલી લોકાર્પણ કરાશે.

આ ઉપરાંત જિલ્લાના પ્રવેશ દ્વાર વઘઈ પાસે આવેલા ગીરા ધોધ તથા ગીરમાળ ગામ પાસેના ગીરમાળ ધોધ સહિત સી વ્યૂ ખાતે ઈકો ટુરીઝમ સાઈટના કુલ રૂા.૪.૫૦ કરોડના વિવિધ વિકાસકામોનું પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે ડીજીટલી ખાતમુહૂર્ત કરાશે.

આહવાના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે આયોજિત મુખ્યમંત્રીશ્રીના કાર્યક્રમ દરમિયાન વિકાસકામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ સાથે વન વિભાગની જુદી જુદી યોજનાઓના કુલ ૧૬૧ લાભાર્થીઓને રૂા.૭.૭૬ કરોડના વિવિધ લાભો એનાયત કરાશે. જ્યારે આદિજાતિ વિકાસ વિભાગની જુદી જુદી યોજનાઓ હેઠળ રૂા.૨.૨૪ લાખની સહાયનો એક લાભાર્થિને ચેક વિતરણ કરવા સહિત અન્ય ૩૩૫ લાભાર્થીઓને આદેશપત્રોનું વિતરણ કરાશે. આ ઉપરાંત પુરવઠા વિભાગની પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના ૬૦૦ લાભાર્થીઓને ગેસ જોડાણ, અને આરોગ્ય વિભાગના ૧૦૦ લાભાર્થીઓને આયુષ્યમાન ભારત યોજના હેઠળના ગોલ્ડ કાર્ડનું પણ વિતરણ કરાશે. આમ, મુખ્યમંત્રીશ્રીની ડાંગ જિલ્લાની મુલાકાત ડાંગ જિલ્લાના પ્રજાજનો માટે વિકાસ પર્વ બની રહેશે. દરમિયાન ડાંગ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા પ્રકાશિત કરવામાં આવેલી સને ૨૦૧૭/૧૮ના વર્ષની વિકાસ વાટિકા પુસ્તિકાનું વિમોચન પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે કરાશે. તો ડાંગ કલેક્ટર કચેરીની નવી વેબસાઈટનું પણ મુખ્યમંત્રીશ્રી આ વેળા લોકાર્પણ કરશે.

ડાંગ કલેક્ટર શ્રી બી.કે.કુમારના જણાવ્યા અનુસાર મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં આયોજિત આ કાર્યક્રમમાં રાજ્યના મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ સહિત રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજ્યમંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ, અને ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી-વ-રાજ્ય વન અને આદિજાતિ વિકાસ મંત્રી શ્રી રમણલાલ પાટકર પણ ઉપસ્થિત રહેશે. આ વેળા અતિથિ વિશેષ તરીકે વલસાડ/ડાંગના સાંસદશ્રી ડૉ.કે.સી.પટેલ, ડાંગ જિલ્લા પંચાયતના અધ્યક્ષા શ્રીમતી બીબીબેન ચૌધરી, ડાંગના ધારાસભ્ય શ્રી મંગળભાઈ ગાવિત સહિતના મહાનુભાવો પણ હાજરી આપશે.

એટીએમ ધારકના બેંક ખાતામાંથી રૂા. ગાયબ

સુરત

એટીએમ કાર્ડનું ક્લોનિંગ કરીને અજાણ્યા હેકરે બેન્ક ખાતેદારના એકાઉન્ટમાંથી રૂપિયા ૫૮ હજાર ગાયબ કરી દીધા હતા. વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ લંબે હનુમાન રોડ, ભગીરથ નગરમાં રહેતા મહેશભાઈ હિંમતભાઈ રોઠોડના એટીએમ કાર્ડનું ક્લોનીંગ કરી અજાણ્યા વ્યકિતએ એકાઉન્ટમાંથી રોકડા રૂપિયા ૫૮૦૦૦ ઉપાડી લઈ છેતરપિંડી કરી હતી. વરાછા પોલીસે ઈન્ફર્મેશન એકટ અન્વયે ફરિયાદ નોંધી પો. ઈન્સ્પે. એમ. આઈ. ઝાલાએ તપાસ હાથ ધરી છે.





કેવડીયામાં આદિવાસીઓ સાથે થયેલો અત્યાચાર સમગ્ર દેશના આદિવાસીઓ સાથે અત્યાચાર :મહેશ વસાવા

કેવડિયા પોલીસે આદિવાસીઓ સાથે આતંકીઓ જેવું વર્તન કર્યું:મહેશ વસાવા
કેવડીયામાં આદિવાસીઓ સાથે થયેલા અત્યાચારનો જવાબ ૨૦૧૯ની ચૂંટણીઓમાં મળી જશે:મહેશ વસાવા
કેવડીયામાં વિવિધ ૩૩ રાજ્યોના ભવન બનાવવાનો વિવાદ વકર્યો,ડેડીયાપાડા અને નાંદોદ ધારાસભ્યએ ૬ ગામમાં લોકોની મુલાકાત લઈ સમસ્યાઓ જાણી.

૨૮મી જાન્યુઆરીએ સમગ્ર ગુજરાતના આદિવાસીઓ બિટીપીની આગેવાનીમાં કેવડીયાથી પગપાળા પદયાત્રા કાઢી કલેકટરને આવેદનપત્ર આપશે,૧૭મી ફેબ્રુઆરીએ લાખોની જનમેદની વચ્ચે કેવડીયામાં જંગી જાહેરસભા

રાજપીપળા:નર્મદા જિલ્લાના કેવડીયામાં દેશના વિવિધ ૩૩ રાજ્યોના ભવનોનો સ્થાનિક આદિવાસીઓ જોર સોરથી વિરોધ કરી રહ્યા છે.૧૯મી જાન્યુઆરીએ હરિયાણા સીએમ ખટ્ટરે હરિયાણા ભવનનું ખાતમુહૂર્ત કર્યું દરમિયાન આદિવાસીઓનું ટોળું ખટ્ટર પાસે વિરોધ સાથે પોતાની રજુઆત કરવા પહોંચ્યું હતું.દરમિયાન પોલીસે એમને રોક્યા હતા.તો બીજી બાજુ બીજું એક ટોળું કેવડીયામાં ચક્કાજામ કરવા ઉતરી પડ્યું હતું ત્યારે પોલીસે હળવો લાઠીચાર્જ કર્યો હતો.સામે આદિવાસીઓ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો જેમાં બે પોલીસ જવાનો ઘાયલ થયા હતા.આ મુદે કેવડિયા પોલીસે ૧૧ લોકો વિરુદ્ધ રાયોટિંગનો ગુનો નોંધ્યો હતો.

આ ઘટના બાદ ૬ ગામના અને કેવડિયા આદિવાસીઓના પ્રશ્નો મુદે ડેડીયાપાડાના ધારાસભ્ય મહેશ વસાવા અને નાંદોદના ધારાસભ્ય પી.ડી.વસાવાએ કેવડીયામાં પીડિત આદિવાસીઓની મુલાકાત લઈ એમના વિકટ પ્રશ્નો મુદે ચર્ચાઓ કરી હતી.ડેડીયાપાડાના ધારાસભ્ય મહેશ વસાવાએ જણાવ્યું હતું કે કેવડિયા પોલીસે આદિવાસીઓ સાથે આંતકીઓ જેવું વર્તન કર્યું છે.નર્મદા જિલ્લાના સ્થાનિક આદિવાસી નેતાઓએ આ મુદ્દે મૌન સેવી આદિવાસી સમાજ સાથે દગો કર્યો છે.કેવડીયામાં આદિવાસીઓ સાથે થયેલા અત્યાચારનો જવાબ ૨૦૧૯ની ચૂંટણીઓમાં મળી જશે,આ અત્યાચાર ફક્ત કેવડિયાના નહિ પણ સમગ્ર ભારતના આદિવાસીઓ સાથેનો અત્યાચાર છે.કેવડિયા પોલીસની આદિવાસીઓ પ્રત્યેની કાર્યવાહી અને સરકારની આદિવાસીઓ પ્રત્યેની નીતિના વિરોધમાં આગામી ૨૮મી જાન્યુઆરીએ બિટીપીની આગેવાનીમાં સમગ્ર ગુજરાતભરના આદિવાસીઓ એકત્ર થઈ કેવડીયાથી રાજપીપળા પદયાત્રા કાઢશે,અને નર્મદા કલેકટરને આવેદનપત્ર આપી રાજુઆત કરશે.૧૭મી ફેબ્રુઆરીએ ભારતભરમાંથી આદિવાસીઓના વિવિધ સંગઠનના લાખોની જનસંખ્યામાં આદિવાસીઓની ઉપસ્થિતિમાં કેવડિયા ખાતે સરકાર અને તંત્રની વિરુદ્ધમાં જંગી જાહેરસભા થશે,આ સભામાં સરદાર સરોવર ડેમ,સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રોજેકટ અને વિયર ડેમ પ્રોજેકટમાં જમીન ગુમાવેલ આદિવાસીઓના પ્રશ્નો ઉઠાવવામાં આવશે એમ જણાવ્યું હતું.

ભરૂચમાં હિતરક્ષક સમિતિ દ્વારા વિધવા મહિલાઓને પેન્શનનો લાભ મળી રહે તે માટે આવેદન પત્ર સાથે હકપત્રો કલેકટરને આપ્યા



ભરૂચ જિલ્લાની ૧ લાખથી વધુ અને રાજ્યની ૪૦ લાખથી વધુ વિધવા બહેનોને પેંશન યોજનાનો લાભ મળે તે હેતુથી મુખ્યમંત્રીને અનુલક્ષીને કલેકટરને જિલ્લા હિતરક્ષક સમિતિ દ્વારા આવેદન અપાયું હતું. જેમાં આવેદનની સાથે જિલ્લાની ૫૦ હજાર બહેનોના વિધવા હક્ક પત્રકમાં સહી કરેલ ફોર્મ પણ કલેકટરને સુપત્ર કરાયા હતા.

આવેદનમાં જણાવ્યા મુજબ ભરૂચ જિલ્લા હિતરક્ષક સમિતિ-ભરૂચ દ્વારા "વિધવા સહાય પેન્શન યોજના"ના સરળીકરણ કરવા માટે ભરૂકહ જિલ્લાના નેત્રંગ,ઝઘડીયા, વાલીયા, વાગરા,આમોદ, જંબુસર તેમજ જિલ્લાના જુદા-જુદા ગામોમાં ૧૮ જેટલા વિધવા બહેનોના સંમેલનો યોજાયા હતા. તે દ્વારા વિધવા બહેનોની આપવીતીની જાણકારી તેઓની સમસ્યાઓની તેમજ વિધવા સહાય પેન્સન યોજનાના અવરોધરૂપ મુદ્દાઓની જાણકારી મેળવી હતી. એમાં ચોંકાવનારી વિગત એવી પણ જાણવા મળી હતી કે ૪૦% કરતા વધુ બહેનો દારૂના દૈત્યના પગલે પતિ ગુમાવી વિધવા થયેલ છે.

જયારે ભરૂચ હોસ્ટેલ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ વિધવા બહેનોના મહા સંમેલનમાં ભરૂચ જિલ્લાની ૨૫૦૦૦ જેટલી વિધવા બહેનો સ્વ ખર્ચે પોતે જ પોતાના હક્કની માંગણી માટે ઉમટી હતી.જેમાં વિધવા બહેનોની પેન્શન યોજના ના સરળીકરણ મુદ્દે એક ઠરાવ પસાર કરી તેનું વાંચન કરી સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો.

આર્થિક સંકટનોભોગ બનેલ લાચાર મહિલાઓ પાઇ-પાઇ માટે વલખાં મારે છે. અસંખ્ય મહિલાઓ પાસે શરીરને ઢાંકવા પુરતા કપડા પણ નથી હોતા અને વિધવા બહેનોને એક ટંક પુરતું જમવાનું પણ નથી મળતું અને અત્યંત દયનીય પરિસ્થિતિમાં જીવી રહી છે. તેમજ અનેક વિધવા મહિલાઓ દારૂ કે દેહ વિક્રયના ધંધા તરફ વળી જાય છે.ત્યારે તમામ વિધવા બહેનો વતી ભરૂચ જિલ્લા હિતરક્ષક સમિતિ-ભરૂચના કન્વિનર ખુમાનસિંહ વાંસિયાએ મુખ્યમંત્રી રૂપાણીને ઉદ્દેશી ભરૂચ જિલ્લા કલેકટરને આવેદન પાઠવી રજુઆત કરી હતી કે, વિધવા બહેનોને મહિના ૧૦૦૦ નું પેન્સન મળે છે તેની જગ્યાએ વધારીને ૩૦૦૦ કરી દેવાની માંગ કરી હતી.

રાજપીપળામાં શહિદ દિને બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન



રાજપીપળા : શહિદ સુભાષચંદ્ર બોઝ ના જન્મ દિનની ઉજવણીના ભાગરૂપે રાજપીપળામાં શહીદ દિવસની ઉજવણી કરવામાં આવી, રાજપીપલા એ.પી.એમ.સી.ખાતે ભારત સરકારના ખેલ અને યુવા નેતૃત્વ વિભાગ હસ્તક ચાલતા નહેરુ યુવકેન્દ્ર નર્મદા અને ભારતીય જનતા પાર્ટીના યુવા મોર્ચા એક સાથે થઇ ઉજવણી કરવામાં આવી તેમની તસ્વીરને ફૂલ હાર ચઢાવી દીપ પ્રાગટ્ય કરી બ્લડ ડોનેશન કેમ્પને ખુલ્લો મુક્યો હતો જેમાં યુવા મોર્ચાના અજિત પરીખ, કિશોર પરીખ, કિશાન મોર્ચા ના પરેશ પટેલ, કુંવરપુરા સરપંચ નિરંજન વસાવા, સહીત નહેરુ યુવા કેન્દ્ર ના અધિકારીઓ અને મની અન્ય યુવકો અને મહિલા મંડળો મોટી સંખ્યામાં હાજરી આપી હતી આ પ્રસંગે મહિલા મંડળોને નહેરુ યુવા કેન્દ્ર દ્વારા યુવા અને સ્વરોજગાર તાલીમ બદલ પ્રમાણપત્રો આપ્યા હતા.

सूरत शहर के लोहे के सबसे पुराने,
ESSAR 24 CARAT STEEL
प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट,
एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट,
पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार,
ब्राइट बार, पाईप एवं लोहे की
प्रत्येक आइटम के 45 वर्ष से
विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

जय अंबे यात्रा संघ आयोजित
काशी साथे नेपाळ ₹.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ ₹.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેલ્લુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી ₹.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઇટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્ક: જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

મઢીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશનાં દુખાવા માટે અસરકારક
022-24147642
022-24147643
Madhivala LINIMENT
ઉત્પાદક:
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

merino ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ ક્વોલીટીનું પ્લાયવુડ
મેરીનો લેમીનેટ સીટસ્
100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
કુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
Ex-cel પી.વી.સી. સીટ
ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ
ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઇપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઇપો
IBR પાઇપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com

રાજપીપળાના સરકારી ઓવારે અજાણ્યા વ્યક્તિનો પગ લપસી જતા ડૂબી જવાથી મોત



આધેડ વયનો અજાણ્યો વ્યક્તિ ઓવારાના પગથિયે બેઠો હતો ત્યાંથી પગ લપસી જતા ડૂબી ગયો હોવાનું આવતા જતા લોકો એ જોયું

રાજપીપળા : રાજપીપળાના કરજણ ઓવારે બપોર ના સમયે સુમસામ વાતાવરણ માં એક આધેડ વયનો અજાણ્યો વ્યક્તિ ઓવારાના પગથિયે બેઠો હતો ત્યાંજ પગથિયાં પરની લિલ પર તેનો પગ લપસી જતા સીધો પાણીમાં ગરકાવ થતા બુમાબુમ કરી પરંતુ બપોરનો સમય હોય ત્યાં કોઈ ન હોવાથી આખરે એ ઓવારાના ઊંડા પાણીમાં ગરકાવ થયો એ સમયે રોડ પરથી પસાર થતા લોકોનું ધ્યાન જતા ત્યાંના સામાજિક કાર્યકર રાજુભાઈ (ડોન) ને જાણ કરતા તેમને પોલીસ અને ફાયરને જાણ કરી ત્યારબાદ રાજપીપળા નગરપાલિકાની ફાયર ટીમે મૃતદેહ બહાર કાઢ્યો અને હાજર પોલીસ દ્વારા જરૂરી કાર્યવાહી કરી પીએમ માટે મોકલાયો હતો મરનાર વ્યક્તિ કોણ છે એ જાણી શકાયું નથી .

કોર્ટ માં ગયેલા ટાઉન પીઆઈ ખુદ ત્યાં દોડી આવ્યા હતા

મરનાર વ્યક્તિ અજાણ્યા હોવા છતાં આ વ્યક્તિ માટે ખુદ ટાઉન પીઆઈ આર એન રાઠવા કે જે કોર્ટમાં કામ અર્થે ગયા હતા ત્યાંથી ઘટના સ્થળે દોડી આવ્યા હતા ત્યાં આવી જરૂરી માહિતી મેળવી હાજર જમાદાર ને સૂચના આપી હતી ત્યારે ત્યાં ઉભેલા લોકટોળા માં એજ ચર્ચા હતી કે આ ભિક્ષુક જેવા જણાતા અજાણ્યા વ્યક્તિ માટે ખુદ પીઆઈ અહીં આવ્યા એ એક માનવતાની મિસાલ કહી શકાય .

સંતાન પ્રાપ્તિ ન થતા પતિએ પત્ની ને તરછોડી બીજી પત્ની લાવતા : પત્ની કોર્ટના શરણે જતા પતિને ૬ મહિનાની કેદ

બાળકની લાલસામાં ભાન ભૂલેલા પતિદેવને કોર્ટે સજા ફટકારતા અન્ય સંતાન ભૂખ્યા સાસરિયાઓ માટે દાખલારૂપ કિસ્સો

રાજપીપળા : નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના માંગરોળ ગામમાં સંતાન પ્રાપ્તિની ઘેલછામાં પત્નીને ઘરમાંથી કાઢી મૂકી તેની સાથે છૂટાછેડા આપ્યા વગર બીજી પત્ની સાથે લગ્ન કરવાના ગુનામાં અનિલ ગોહિલને રાજપીપલાની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે ૬ મહિના ની કેદ અને ૫૦૦ રૂપિયા દંડ ફટકાર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નાંદોદ તાલુકાના માંગરોળ ગામે રહેતા અનિલ રણછોડ ગોહિલ નું લગ્ન ભરૂચની જ્યોતિબેન સાથે બે વર્ષ પહેલા થયું હતું લગ્ન જીવનમાં સંતાન સુખ પ્રાપ્ત ન થતા અનિલ ગોહિલ તથા તેની માતા રેવા ગોહિલ પરણિતા જ્યોતિને મેણાં ટોણા મારતા હતા અને ત્રાસ ગુજારતા હતા સંતાનની ઘેલછામાં પતિ અને સાસુ દ્વારા પરણિતા જ્યોતિને ઘરમાંથી કાઢી મૂકી એટલે જ્યોતિ તેના પિયરમાં રહેતી હતી હજુ છૂટાછેડા થયા નહતા છતાં અનિલે વડોદરાથી માયા નામની છોકરી સાથે બીજા લગ્ન કરી લીધા જેનાથી એક દીકરાનો જન્મ પણ થયો જેથી પોતાને તરછોડી બીજી પત્ની લાવતા પહેલી પત્ની જ્યોતિએ રાજપિપલા પોલીસ સ્ટેશનમાં પતિ અને સાસુ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે બંને સામે ઈપીકો કલમ ૪૯૪, તથા ૫૦૬/૨, મુજબની ફરિયાદ નોંધી ગુનો દાખલ કર્યો હતો જે કેશ રાજપીપલાની બીજી એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એસ.એમ. કામદારની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ પ્રવીણ ડી,લીમ્બચીયા દ્વારા ધારદાર દલીલો કરાતા નામદાર કોર્ટે સરકારી વકીલની દલીલો ગ્રાહ્ય રાખી અનિલ રણછોડ ગોહિલને ૬ માસની કેદ અને ૫૦૦ રૂપિયા દંડ ફટકાર્યો હતો.ત્યારે આ દાખલારૂપ કિસ્સા બાદ અન્ય સંતાન ભૂખ્યા સાસરિયાઓમાં ફફડાટ જરૂર ફેલાશે .

ગેસ્ટ હાઉસ કે હોટલમાં આઈડી પ્રૂફની જંજટ માં ન પડતા પ્રેમીઓ એસટી ડેપોના મફતિયા ઓટલાનો ઉપયોગ કરતા થયા...?!

રવિવારે આખી રાત પ્રેમી પંખીડા ઓટલા પર સુઈ રહ્યા હોય સવાર થતાંજ ભાગ્યા હોવાની વાત સામે આવી જેમાં પ્રેમિકાનો એક ચપલ પણ રહી ગયો



રાજપીપળા એસટી ડેપો પાછળના ઓટલા પર રાત્રી સમયે ચાલતા પ્રેમિયો વચ્ચે પ્રેમાલાપ બાબતે પોલીસ રાત્રી પેટ્રોલિંગ કડક બનાવે એ જરૂરી : અગાઉ પણ આજ જગ્યા પર માનસિક બીમાર મહિલાઓ ગર્ભવતી બની ગયાની વાત સામે આવી હતી ત્યારે આવા અસામાજિક તત્વો સામે પગલાં લેવા જરૂરી, સામાજિક સંસ્થાઓ પણ આ માટે રસ દાખવે

રાજપીપળા : રાજપીપળા શહેરના એસટી ડેપો, ઓવારા ગાર્ડન સહિતની કેટલીક જગ્યાઓ જાણે લવર્સ પોઈન્ટ બની હોય એમ પ્રેમીઓ માટે રાત્રે આવી જગ્યાઓ એક અડ્ડો બની છેં રાત્રે પ્રેમાલાપ કરતા લવરીયાઓ કે કોઈ અન્ય ગામ માંથી ભાગેલા યુવા વર્ગ માટે જાણે હોટલ ,ગેસ્ટ હોઉસ ની ગરજ સારે છે કેમકે રાત્રે આઠ વાગ્યા બાદ આ જગ્યાઓ પર ખાસ કોઈ અવર જવર હોતી નથી અને હાલ ઠંડીના કારણે લોકો પણ ઘરોમાં ભરાઈ રહેતા હોય પ્રેમીઓને મોકળું મેદાન મળી જાય છે અગાઉ પણ આ જયાઓ પર ભટકતી માનસિક અસ્વસ્થ મહિલાઓ કે યુવીઓ પૈકી અમુક રખડતી મહિલા ગર્ભવતી બની હોવાની વાત જાણવા મળી હતી.ત્યારે આ બાબત ગામમાં ફેલાઈ હોવા છતાં કોઈ સમાજ સેવકો કે સામાજિક સંસ્થાઓ સામે આવી ન હતી જોકે ઘણા સમય થી આવી બાબત સામે નથી આવી અને હાલ ફરી આવા તત્વો સક્રિય થયા હોય એમ લાગે છે જેમાં ગત રવિવારે ડેપોના પાછળના ઓટલા પર ગોદડી ઓઢી પ્રેમીઓ પ્રેમાલાપ કરતા રહ્યા અને છેક સવારે અજવાળું થતાંજ ઓવારા તરફ ભાગ્યા હતા જેમાં ઉતાવળે યુવતીનો એક ચપ્પલ પણ ઓટલા પર રહી ગયો હતો એમ નજરે જોનાર કેટલાક લોકોનું કહેવું હતું ત્યારે આવી બાબતે જવાદાર કોણ...? ક્યાં છે સમાજ સેવા કરતી સંસ્થાના સેવાભાવી વ્યક્તિઓ...? કેમ આવી બાબત ગંભીરતાથી લેવાતી નથી...? બળાત્કાર જેવી ઘટના બાદ હાથમાં બેનરો લઈ રેલી કાઢી કે અન્ય રીતે નામના મેળવવા નીકળી પડતા આગેવાનો કે સામાજિક સંસ્થાના કાર્યકરો ઘટના બને એ પેહલા અવાજ ઉઠાવે એ જરૂરી જણાય છે.

આ બાબતે અમારા પ્રતિનિધિ એ ટાઉન પીઆઈ નું ધ્યાન દોર્યું

અમારા પ્રતિનિધિ એ આ બાબતે ટાઉન પીઆઈ આર એન રાઠવા સાથે રૂબરૂ વાત કરી જાણકારી આપી વાકેફ કરતા પીઆઈ એ રાત્રી પેટ્રોલિંગ અને અન્ય રીતે આ બાબતે ખાસ ધ્યાન આપવા જણાવી હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો .

શાહપુરા ગામ નજીક અમલેશ્વર પાણીની કેનાલમાંથી અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવ્યો



નબીપુરના શાહપુરા ગામ પાસે આવેલ અમલેશ્વર પાણી ની કેનાલમાં અજાણ્યા યુવાનનો ડી.કમ્પોઝ હાલત માં મૃતદેહ હોવાની જાણ સ્થાનિકોએ સ્થાનિક નબીપુર પોલીસને કરતા પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી સામાજિક કાર્યકર ધર્મેશ સોલંકી ને જાણ કરતા તેઓના માણસ કેનાલમાં ઉતારી તેને બહાર કાઢી ઓળખ માટે વાલીવારસોની શોધખોળ નબીપુર પોલીસે શરૂ કરી હતી

નબીપુર પોલીસે મૃતદેહનો કબજો લઈ પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડી વાલીવારસોની શોધખોળ આરંભી છે મરણ જનાર કઈ રીતે કેનાલમાં પડ્યો છે તે દિશામાં પણ પોલીસે તપાસ શરૂ કરી છે

જોકે પ્રાથમિક તબક્કે મરણના શરીર ઉપર માત્ર લાલ કલરનું શર્ટ હોવાથી કેનાલમાં નાહવા પડ્યા હોય અને ઊંડા પાણીમાં ગરકાવ થવા ના કારણે પણ ડૂબી જવાથી મોત નિપજયુ હોવાનું જાણવા મળી રહ્યું છે.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય માણસ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મહદ્‌અંશ સમાધાની સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ બધો વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડાવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા ઓનલાઈન ડાકીના રૂપિયા કામ મુજબ ચૂકવેલ આવકમાંથી ચુકવવા જશે, જે માટે સાથે ડાયરેક્ટ કોપરક પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in

આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની

બેરોજગારી દરમ્યાન મેળવી આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
ડાકીના ૧૫૦/- (સોટો મોડથી કપાવી)
આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
પેનલ માટે આપે શરૂઆતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
ઉપરોક્ત ત્રણ વર્ષ માટે ૧૫૦૦/- (સોટો મોડથી કપાવી)
આપનો કોડ ઉપરોક્ત ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો.
સાથે એક વર્ષ માટે મોબાઈલ ટ્રેકિંગ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો
પેનલ માટે આપે શરૂઆતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ રીન્યુ કરાવી હંમેશ કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-



માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.

પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્ષનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-

- જે વિદ્યાર્થીઓએ એડમીશન કોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફી શીપ કાર્ડ ની વ્યવસ્થા
- જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
- એક જ કેમ્પસમાં ૩૫ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ ક્લાસ રૂમ અને સુદ્રઢ લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
- જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802





ભરૂચના દશાશ્વમેધ ઘાટ ખાતે

એક સાથે ૬ જેટલા મૃતદેહ એક સાથે આવી જતા લોકોને અંતિમ સંસ્કાર કરવા માટે રાહ જોવાનો વારો આવ્યો



સામાન્ય રીતે જયારે કોઇ સ્વજનનું મૃત્યું થાય ત્યારે તેના પરિવારજનો અસહ્ય વેદના અનુભવે છે. પણ જેનો જન્મ છે તેનું મોત નિશ્ચિત છે ના સનાતન સત્યને સ્વીકારી મૃતકના મોતનો મલાજો જાળવી તેને પુષ્પો થી શણગારી રીતરિવાજોનું પાલન કરી જયારે તેને પંચમહાભૂતમાં વિલિન કરવા (અગ્નિદાહ) માટે સ્મશાને લઈ પહોંચે છે ત્યારે તેમાં પણ ''આપ કતાર મૈં હો'' ના સંવાદે કરૂણાંતિકાનું સર્જન થાય છે.

અંતિમ સંસ્કાર અથવા અંત્યેષ્ઠીક્રિયા હિન્દુઓના પ્રમુખ સંસ્કારોમાંથી એક છે. હિંદુ ધર્મમાં એવું માનવામાં આવે છે કે મૃત્યુ બાદ અગ્નિદાહ અપાય તો તે શરીરના અગ્નિદાહથી આત્મા મોક્ષના માર્ગ પર પ્રગતી કરે છે. શાસ્ત્રો મુજબ જયાં સુધી મૃત શરીરના અંતિમ સંસ્કાર કરવામાં નથી આવતા ત્યાં સુધી આત્માએ મૃત શરીરની આસપાસ વાયુમંડળમાં જ ભટકતો રહે છે અને તેને મોક્ષ નથી મળતો.

૧૯૯૬થી ભરૂચની સામાજીક ફરજ સમજતી સંસ્થા રોટરી કલબે ભરૂચ ના પવિત્ર દશાશ્વમેધ ઘાટે ''શાંતિવન'' સ્મશાન રૂપિયા ૭૨ લાખના ખર્ચે બનાવી નગરપાલિકાને અર્પિત કર્યું છે. એટલું જ નહીં આજદિન સુધી તેના સંચાલન માટે પણ રખાયેલા માણસનો પગાર આ સંસ્થા જ ચૂકવે છે. પરંતુ પાલિકાની ઉદાસિનતાના કારણે કોઇ ધ્યાન ન અપાતા આખરે મૃત્યુબાદ પણ મૃતદેહને અગ્નિદાહ અને મોક્ષ માટે રાહ જોઈ કતારમાં ખડકી દેવાતા સ્વજનોની આંખમાંથી આંસુ સરતા જોવા મળ્યા હતા.

આ ઘટના અંગે શાંતિવનના સંચાલક ધર્મેશ સોલંકી જણાવ્યું હતું કે,અહી અગ્નિદાહ માટે ત્રણ ચિતા જ છે જેમાં પણ મૃતદેહોની ચિતા ચાલુ હોય બીજાઓને રાહ જોવી પડે છે. તેમના સ્વજનો દ્વારા રડમસ ચહેરે મને ફરિયાદ કરાય છે. પણ અમારા દ્વારા અન્ય ચિતાઓ વધારવા પાલિકા માં લેખીત અને મૌખિક રજૂઆતો કરાતા પાલિકાએ સર્વે કરી લીધું છે અને ટુંક સમયમાં નવી ચિતાઓ પણ ઉમેરાશે તેવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, સ્વજનો દ્વારા મોતનો મલાજો જાળવી પોતાના અતિ પ્રિય સ્વજનને મોક્ષ મળે તેવા આશયથી તેના મૃતદેહને પુષ્પાછિદ કરી અંતિમ ક્રિયા માટે લઈ તો જવાય છે પણ તંત્રની ઉદાસિનતાના પગલે મૃત્યુ બાદ પણ અગ્નિદાહ થકી મોક્ષ માટે મૃતદેહને કતારમાં રહી રાહ જોવાનો વારો આવે છે તે ખરેખર ખુબજ દુ:ખની અને નિંદનિય બાબત છે.

વાલિયાના કરા ગામે તસ્કરો રોકડ રકમની સાથે કાર પણ ચોરી કરી પલાયન

વાલિયા તાલુકાના કરા ગામે એક મકાનમાં તસ્કરો ત્રાટકી તસ્કરો રોકડ રકમની સાથે કારની પણ ઉઠાંતરી કરી ફરાર થઈ જતા પોલીસે તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મુજબ વાલિયા તાલુકાના કરા ગામે રહેતા જયેશ ભાઈલાલ ધંધુકીયાના મકાનને તસ્કરોએ નિશાન બનાવી મકાન ના પાછળના ભાગે આવેલ બારી ઉપર ચઢી રસોડાનો દરવાજો ખોલી અંદર પ્રવેશી રોકડા રૂપિયા ૧૭૦૦ અને ઘર પાસે પાર્ક કરેલ ટાટા નેક્ષન કાર નંબર જીજે ૧૬ સીબી ૬૪૫૧ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા ,સવારે જયેશ ધંધુકીયાને જાણ થતા તેઓએ તાત્કાલિક વાલિયા પોલીસ મથક માં જાણ કરતા પોલીસ દોડી આવી રોકડ રકમ અને ૫ લાખ ની કાર મળી કુલ ૫,૦૧,૭૦૦ ની ચોરી અંગે વાલિયા પોલીસ મથક માં ફરિયાદ નોંધાવી હતી.પોલીસે તસ્કરોને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે

વાગરાના વિલાયત ગામ ખાતે ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ હતી



વાગરાના વિલાયતના ક્રિકેટ ગ્રાઉન્ડ પર તાલુકાના યુવાનોમાં રમત-ગમત કૌશલ્ય પ્રત્યે રસ,રુચિ અને ઉત્સાહ કેળવાય તે હેતુને ધ્યાને લઈ બિરલા ગ્રાસીમ કંપની દ્વારા ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ ખેલાડી રશીદ પટેલના અધ્યક્ષસ્થાને ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન હાથ ધરાયુ હતું.જેમાં કંપની સહિત આસ-પાસના વિલાયત,દેરોલ , વોરાસમની તેમજ અરગામા અને સરનાર ગામની કુલ પાંચ ટીમોએ ભાગ લીધો હતો.

તમામ ટીમો વચ્ચે કુલ પાંચ રાઉન્ડને અંતે ક્વોલિફાઈડ થયેલ દેરોલ અને વોરાસમની ગામની ટીમ વચ્ચે ફાઇનલ મેચ રમાઈ હતી.જેમાં દેરોલની ટીમ વિજેતા થઈ હતી.ચેમ્પિયન ટીમને વિલાયત ગામના સરપંચ રાજુ પટેલના વરદ હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.ટુર્નામેન્ટમાં ભરૂચ ક્રિકેટ કોચિંગ કમિટીના એમ.એસ.નાયક તથા બિરલા ગ્રાસીમ કંપનીના યુનિટ હેડ રાકેશ ચોક્સી તેમજ સી.એસ.આર. ઈન્ચાર્જ મિતેષ સુરતી,ડી.જી. એમ.પ્રશાંત પારલીકર અને એચ.આર. હેડ રજત ડે ખાસ ઉપસ્થિત રહયા હતા.ક્રિકેટ ટુર્નામેન્ટ દરમિયાન કમરઅલી સૈયદે કોમેન્ટેટરની ભૂમિકા નિભાવી હતી.

વરાછા રેલવે કોલોનીના ક્વાર્ટસમાં ચોરી થઈ

સુરત - વરાછા ખાંડ બજાર ગરનાળા પાસે રેલવે કોલોનીના ઘર નં. ૧૯૧/સી માંથી રૂા. ૪૨૫૦૦ની મતા ચોરાઈ હતી. આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અજાણ્યા તસ્કરો ફરિયાદ કુંદનકુમાર વિભૂતિ પ્રસાદ શાહના ઘરમાંથી રૂા. ૪૨,૫૦૦ની કિંમતના સોનાના દાગીના ચોરી ગયા હતા. બનાવ અંગે વરાછા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભૂતકાળમાં વરાછા ખાતે આવેલી પશ્ચિમ રેલવેના કર્મચારીઓ માટેની રહેણાંક કોલોનીમાંથી ચોરી થવા કિસ્સાઓ નોંધાયા છે. દરમિયાન ચોરીનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

ભરૂચ શહેર એ ડીવીઝન પોલીસે વિદેશી દારૂ સહિતના રૂ.બે લાખથી વધુનો મુદ્દામાલ ઝડપી પાડ્યો

ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ યુડાસમાં તથા નાયબ પોલીસ અધિક્ષક ભરૂચ વિભાગ ભરૂચ ડી.પી.વાઘેલાના માર્ગદર્શન આધારે પોલીસ ઈન્સપેકટર એન.કે.ગોસ્વામીનાઓની સુચનાં મુજબ જીલ્લામાં પરોહી/ તથા જુગાર અંગેની પ્રવુતિ નેસ્ત નાબુદ કરવા સારૂ સર્વેલન્સ સ્ટાફનાં પોલીસ માણસો પોસ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતાં ત્યારે બાતમીદારથી બાતમી મળેલ કે ભરૂચ રેલ્વે સ્ટેશનથી રોટરી કલબ તરફથી એક સફેદ કલરની મારૂતિ વાન નં. જીજે-૧૬-બીબી -૮૪૬૦ માં હનીફ ઉર્ફે હનન ઈમરાનશા કરીમશા દિવાને ઈંગ્લીશ દારૂનોમાલ મંગાવેલ છે.જે તેના ઘર પાસે ઉતારનાર છે.×તેવી ચોક્કસ બાતમી આધારે બે પંચોના માણસો સાથે છુટાછવાયા વોચમા ગ ા ે ઠ વ ા ય ે લ ગયેલા.દરમ્યાનમા એક મારૂતિ વાન આવી ઉભી રહેલી અને નજીકમાંથી એક ઈસમ ડ્રાઈવર પાસે આવી વાતચીત કરતા દરમ્યાન ઉપરોક્ત નંબરવાળી મારૂતિવાન હોય તુરત જ મારૂતિ વાન તથા ડ્રાઈવર સાથે વાતચીત કરવા આવેલ ઈસમને ઘેરી લઈ પંચો રૂબરૂ મારૂતિવાનના ચાલકને તેનું નામઠામ પુછતા એઝાઝ યુસુફ પઠાણ રહે,નરસિહપુરા,મુસાફરખાના પાછળ,ભરૂચનો હોવાનું જણાવેલ.તેમજ પકડાયેલા બીજા ઈસમનું નામઠામ પુછતા હનીફ ઉર્ફ અનુ ઈમરાનશાં કરીમશાં દીવાન રહે, મારવાડી ટેકરો, રોટરી કલબ પાછળ, ભરૂચ નાનો હોવાનું જણાવેલ.તેઓ બંનેને સાથે રાખી તેઓની મારૂતિવાનમાં પંચો રૂબરૂ ઝડતી તપાસ કરતાં ગે.કા.નો વગર પાસ પરમીટનો પરપ્રાંતીય અને પરતીબંધીત આલ્કોહોલીક ઈગ્લીશ દારૂની બોટલ નંગ ૮૧૬ કી.રૂ.૮૧,૬૦૦/- તથા મોબાઈલ કી.રૂ.૩૦૦/- તથા મારૂતિવાનની કી.રૂ ૧,૦૦,૦૦૦/- મળી કુલ કી.રૂ ૨,૦૧,૧૦૦/- નો મુદ્દામાલ મળી આવેલ હોય જેથી તેઓ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરેલ છે. આરોપીઃ (૧) હનીફ ઉર્ફે અન્ન ઈમરાનશાં કરીમશાં દીવાન રહે, મારવાડી ટેકરો, રોટરી કલબ પાછળ, ભરૂચ (૨) એઝાઝ યુસુફ પઠાણ રહે,નરસિહપુરા,મુસાફરખાના પાછળ,ભરૂચ (૩) (વોન્ટેડ) રાહુલ કિશોરભાઈ કાયસ્થ રહે-સ્વામીનારાયણ મંદીર પાસેભરૂચ.

ભરૂચ શહેર એ ડીવીઝન પોલીસે સ્કોડા ગાડીમાંથી ૫.૫૮લાખથી વધુનો પ્રોહી.સહિતનો મુદ્દામાલ પકડી પાડ્યો



ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા નાયબ પોલીસ અધિક્ષક ભરૂચ વિભાગ ડી.પી.વાઘેલાના માર્ગદર્શન આધારે પોલીસ ઈન્સપેકટર એન.કે.ગોસ્વામીનાઓની સુચનાં મુજબ જીલ્લામાં પ્રોહી/ તથા જુગાર અંગેની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા સારૂ સર્વેલન્સ સ્ટાફનાં પોલીસ માણસો પોસ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતાં દમ્યાન બાતમીદારથી બાતમી મળેલ કે એક સફેદ કલરની સ્કોડા નં. જીજે-૦૫.છઁ,૪૩૬૯ માં મહમદગુબેર ઉર્ફે હાજી અબ્દુલ રસીદ મલેક રહેવાસી- મદીના હોટલ નીચે મલેકવાડ ભરૂચ તથા મુબસ્સર ઉર્ફ મુબોનાનો ભારતીય બનાવતની અલગ અલગ બ્રાન્ડ ભરી આવનાર હોય જે બાતમી આધારે રેલવે સટેશન ખાતે જઁ એન.કે.ગોસ્વામી નાઓ સાથે વોચમાં હતાં દરમ્યાન ઉપરોકત બાતમીવાળી ગાડી આવતાં તેને રોકવાનો પ્રયત્ન ગાડી સ્પીડ વધારે હોય રોકાયેલ નંહી જેથી સદર ગાડીનો પીછો કરતાં સદર ગાડી સુપર માર્કેટ ખાડી પાસેની ગલીમાં નેશનલ રેફીજરેશન પાસે સ્કોડા ગાડી ઉપરોક્ત ઈશમો મુકી ભાગી ગયેલ જેથી મળી આવેલ સ્કોડા ગાડીમાં નિચેની વિગતે ગે.કા.નો વગર પાસ પરમીટનો પરપ્રાંતીય અને પ્રતીબંધીત આલ્કોહોલીક ઈગ્લીશ દારૂની રોયલ ચેલેન્જ ફાઈનેસ્ટ પ્રીમીયમ વ્હીસ્કી ના બોક્ષ નંગ-૦૭ જેમા ૭૫૦ મી.લી ની કાચની બોટલ નંગ-૮૪ કિ.રૂ૪૨,૦૦૦/- તથા ૮૦ પાઉચ બોક્ષ નંગ-૦૨ જેમાં ૧૮૦ મીલી ની પાઉચ નંગ-૯૬ કિ.રૂ ૯૬૦૦/- તથા પુક્ષનાં બોક્ષ નંગ- ૦૩ જેમાં ૫૦૦ મીલીની બીયર ટીન નંગ-૭૨ કિ.રૂ ૭૨૦૦/- તથા સફેદ કલરની સ્કોડા નં. જીજે-૦૫.૨૦-૪૩૬૯ ની કિ.રૂ ૫૦૦૦૦/- ગણી કુલ કિંરૂ. ૫,૫૮,૮૦૦ /- ના પ્રોહી મુદ્દામાલનો જથ્થો મહમદઝુબેર ઉર્ફે હાજી અબ્દુલ રસીદ મલેક રહેવાસી- મદીના હોટલ નીચે મલેકવાડ ભરૂચ તથા મુદ્દસ્સર ઉર્ફે મુબો મુકી નાશી છુટેલ હોય તેઓ બંન્નેનાં વિરૂધ્ધ પ્રોહી એક્ટ કલમ-૬૫(એ)(ઈ),૯૮(૨),૮૧ મુજબની કાયદેસર ફરીયાદ દાખલ થયેલ છે.

નર્મદાના ડેડીયાપાડા ,સાગબારા તાલુકામાં

ચેકડેમ યોજના તથા ઉદવહન સિંચાઈ યોજનામા થયેલ ભ્રષ્ટાચારની તપાસ કરી કાર્યવાહી કરવા માંગ

સાગબારાના જાગૃત નાગરિકે જિલ્લા સ્વાગત કાર્યક્રમ હેઠળ મુખ્યમંત્રીને તપાસ કરવા માંગ કરતા ભ્રસ્ટાચારીયોમાં ફફડાટ

નર્મદા જીલામાં સેક્શન-૪ મા ચેકડેમો તેમજ ગામાઓમાં ચેકડેમ બનાવવામા આવ્યા છે તે ૯૦ % ચેકડેમોમા પાણી નથી

રાજપીપળા : નર્મદા જિલ્લામાં સાગબારા અને ડેડીયાપાડા તાલુકામાં ગુજરાત સિંચાઈ યોજના હસ્તકના થતા કામોમાં હલકી ગુણવત્તાવાળું મટીરીયલ્સ વાપરીને તેમજ એસ્ટીમેન્ટ મુજબનુ કામ ન કરી સાથે ચેકડેમ યોજનામા પણ કરોડો રૂપિયાનુ કૌભાડ કરવામાં આવ્યું હોય જેમાં ઉદવહન સિંચાઈ યોજનામાં ખાલી પાઈપ લાઈન કરવામાં આવેલ છે.તેમજ ટાંકી બનાવી દેવામા આવેલ છે. ખેડુતોને ઉદવહન સિંચાઈ યોજનાનો પાણીનો લાભ મળ્યોજ નથી ઉદવહન સિંચાઈ યોજનામાં પણ ખુબ જ મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર કરવામા આવેલ છે. જેમાં નર્મદા જીલ્લામાં સેક્શન-૪ મા ચેકડેમો તેમજ ગામડાઓમાં ચેકડેમ બનાવવામા આવ્યા છે તે ૯૦ % ચેકડેમોમા પાણી નથી. તેમજ ચેકડેમોની જ્યાં જરૂર હોય ત્યાં બનાવવામા આવ્યા નથી.નર્મદા જીલ્લામા ઘણી બધી જગ્યાએ એક ચેકડેમથી બીજા ચેકડેમનુ અંતર ૧૦ ફૂટનુ છે. તેમજ ઘણી બધી જગ્યાએ ૨૦ થી ૨૫ ફુટની લંબાઈના મોટા ભાગના ચેકડેમો બનાવવામાં આવેલ છે. એટલે નર્મદા જીલ્લામાં ચેકડેમોની તેમજ ઉદવહન સિંચાઈ યોજનાની સ્થળ તપાસ દરમ્યાન સાથે રાખી તપાસ કરવામા આવે એવી માંગ સાગબારાના સ્થાનિક આગેવાન નઝીર મકરાણીએ કરીછે.



ફક્ત ડિઝલ એન્જીનો મૂકી મોટાપાયે ભ્રસ્ટાચાર થયો છે : નઝીર મકરાણી

લાખો રૂપિયાની યોજનામાં ફક્ત ૪૦ ૫૦ હજારના ડીઝલ એન્જીન ગોઠવી પાણી માટેની પાઈપ લાઈન નાખી દેવાઈ છે પરંતુ જ્યાં મશીનો મુક્યા છે ત્યાં પાણીજ નથી ચેક ડેમોના નામે લાખોનો ભ્રસ્ટાચાર કર્યો હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે છતાં બીલો કેમ પાસ થાય છે અને કોની કોની સંડોવણી છે એ તપાસનો વિષય છે માટે અમને સાથે રાખી તપાસ કરાય એવી મેં રજુઆત કરી હોવાનું નઝીર મકરાણી એ જણાવ્યું હતું .





કદોડ અને પૂર્વપટ્ટીના આજુબાજુ ના ગામોમાં હજુ અન્ય દીપડા અને તેના બચ્ચા ગ્રામજનોએ જોતા ગામમાં ભયનો માહોલ

ભરૂચ તાલુકાના કડોદ ગામ ખાતે દીપડાના આતંક સામે તેને પકડવા ગયેલ વનવિભાગ અને લોકોના ટોળા ઉપર ગિન્નાયેલા દીપડાએ વળતો હુમલો કરી પાંચ લોકોને ઘાયલ કર્યા બાદ બીજા દિવસે પાંજરે પુરાયેલા દીપડાનું મૃત્યુ થયું હતું.ત્યાર બાદ બીજા દિવસે કડોદના શેરડીના ખેતરોમાં દીપડી સહિત બે બચ્ચાઓએ દેખા દેખા આખા પંથકમાં વધુ દીપડાઓ ફરતા હોવાના અહેવાલને લઈ ખેત મજૂરી કરતા લોકોમાં ભયનો માહોલ ઉભો થયો છે.

ભરૂચની પૂર્વપટ્ટી ઉપરના ગામોમાં છેલ્લા કેટલાય સમયથી દીપડાઓ નો આતંક ઉભો થયો છે. એકલ દોકલ માણસ કે ઢોર ઢાંખર ઉપર દીપડા દ્વારા હુમલો કરવાના બનાવો પણ વધતા જાય છે. કડોદ ગામની આસપાસના વિસ્તારમાં દીપડો દેખા દેતાં લોકોની ફરિયાદના પગલે વનવિભાગની ટીમે રવિવારના રોજ દીપડાને ઝડપી પાડવા માટેની કવાયત હાથ ધરી હતી. જેમાં મોટી સંખ્યામાં ગામલોકો પણ જાડાયા હતા. ટોળાએ દીપડાને ઘેરાબંધી ઘાલતા ગભરાઈને મરણીયા બનેલા દીપડાએ ટોળા ઉપર વળતો હુમલો કર્યો હતો.જેમાં સાત લોકોને ઈજા થતા નાસભાગ મચી જવા પામી હતી. ઘટનાના પગલે વનવિભાગ અને ગામ લોકોએ દીપડાને ઝડપી પાડવાની કવાયતને વધુ સઘન બનાવી હતી. જેમાં, નદીની સામેની પારથી દીપડો ઝડપાતા તેને પાંજરામાં લવાઈ રહયો હતો. ત્યાર બાદ તેનું મોત નીપજયું હતું. દીપડાના મોતના પગલે હજુ તો માંડ ગ્રામજનોમાં રાહત થઈ હતી ત્યાં એક શેરડીના ખેતરમાં માદા દીપડી અને બીજા ખેતરોમાં દીપડાના બચ્ચાઓ દેખા દેતાં ફરી ગ્રામજનોમાં ભયનો માહોલ ઉભો થયો છે.

ભરૂચના પૂર્વમાં આવેલ વનવાસી વિસ્તારમાં જંગલો કાપી નાંખતા દીપડાઓ શેરડીના ખેતરોમાં આશ્રય લેય છે. પરંતુ શેરડીની કાપણીની સીઝન શરૂ થતા તે અન્ય ખેતરોમાં સ્થળાંતર કરે છે. જેના કારણે કડોદ અને તેની આસપાસના વિસ્તારોમાં છેલ્લા કેટલા સમયથી દીપડાઓમાં આતંક ઉભો થયો છે. અહીયાંના વિસ્તારમાં વધુ દીપડા હોવાની આશંકાને પગલે કિસાનોમાં ભયનો માહોલ ઉભો થયો છે. બીજીબાજુ અહેવાલના પગલે વનવિભાગે પણ બાકીના દીપડાઓ હોય તો તેમને પકડી પાડવા માટે પણ કવાયત હાથ ધરી છે. જેમાં સામેપારના વિસ્તારમાં કેટલીક જગ્યાએ પાંજરા મૂકી દીપડાને પકડવા માટેના પ્રયાસો થઈ રહયા છે.

ઉલ્લેખનીય છે કે દીપડાએ પાંચ જણને ઘાયલ કર્યા બાદ આ પંથકમાં દીપડાનો ડર ઉભો થયો છે. રાત, મધરાત કે એકલા આવતા જતા લોક ડરી રહયા છે.

વાલિયાના કોંઢ ગામેથી વિદેશીદારૂ નો જથ્થો ઝડપાયો

પોલીસે ૬૭ હજાર ઉપરાંત નો જથ્થા સાથે બાઈક કબ્જે કરી

વાલિયા પોલીસે કોઢ ગામની સીમ માં થી ૬૭ હજાર ઉપરાંત નો વિદેશીદારૂ નો જથ્થો ઝડપી પાડ્યો હતો.બુટલેગર ફરાર થઈ જતા તેને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે .

પોલીસ સૂત્રીય માહિતી મુજબ વાલિયા તાલુકાના કોંઢ ગામે રહેતો અને મૂળ નેત્રંગના ઝોખલા ગામનો જયેશ વસાવાએ સિલુડી જવાના રોડ પર એક શેરડીના ખેતર પાસે ઝાડી ઝાંખરામાં વિદેશીદારૂ નો મોટો જથ્થો સંતાડેલો હોવાની બાતમી વાલિયા પોલીસ મથક ના પીઆઈ ઝેડ,એન ઘાસુરને મળતા તેઓએ સ્ટાફ સાથે રેડ કરતા વિદેશીદારૂ નો જથ્થો મળી આવ્યો હતો જો કે બુટલેગર જયેશ વસાવા ફરાર થઈ ગયો હતો,પોલીસે સ્થળ પરથી ૬૭ હજાર ૨૦૦ ની કિંમત ના વિદેશીદારૂની ૬૭૨ નંગ બોટલ તેમજ ૨૫ હજારની કિંમતની મોટરસાઈકલ મળી કુલ ૯૨,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી જયેશ વસાવા વિરૂધ્ધ ગુનો નોંધી તેને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કાર્ય છે.

ભરૂચની ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન દ્વારા

રાજ્યમાં પાંચ લાખ અને જિલ્લામાં ૧૧ હજાર મહિલાઓને મદદ કરવા કેક કાપી ખુશી મનાવવામાં આવી



ગુજરાત સરકાર દ્વારા રાજયમાં કાર્યરત ૧૮૧ મહિલા હેલ્પલાઈન મહિલાઓ માટે ખુબજ મદદગાર સાબિત થઈ છે. ચાર વર્ષના ટૂંકાગાળામાં જરૂરીયાતમંદ મહિલાઓના ૫ લાખ જેટલા કોલ હેલ્પલાઈને મળ્યા છે.જેમાં ભરૂચમાં મહિલાઓના કુલ ૧૧૭૪૨ કોલ મળ્યા હતા. તેમને ટીમ દ્વારા માહીતી અને માર્ગદર્શન પૂરું પાડવામા આવ્યું હતું. જયારે મુશ્કેલીમાં મુકાયેલી ૨૫૪૩ મહિલાઓને રેસ્કયુ ઓપરેશન દ્વારા સ્થળ પર જઈને બચાવવામાં આવી હતી. મંગળવારના રોજ ૧૮૧ ની ટીમ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. સાચા અર્થમાં મહિલાઓને મદદરૂપ થવા બદલ કલેકટરના હસ્તે કેક કાપી હતી.કલેકટરે ૧૮૧ની ટીમને જિલ્લામાં વધું મુશ્કેલીમાં મુકાયેલી મહિલાઓને હેલ્પલાઈન દ્વારા મદદ મળી રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

સુરત ટ્રાફિક પોલીસ કર્મચારીઓની ફરજમાં બે કલાકનો વધારો કરાયો

ટ્રાફિક ડીસીબી દેસાઈએ જારી કરેલો પરિપત્ર

સુરત

સુરત શહેરમાં વધતી વસતિ સામે પોલીસ મહેકમની વ્યાપક ઘટથી ઘણી વખત કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે પોલીસ કર્મીઓને સતત ફરજ બજાવી પડતી હોય છે. તાજેતરમાં પો. કમિ. સતીષ શર્માએ પોલીસ ઈન્સ્પેક્ટર સીહતના અધિકારીઓ માટે અઠવાડિક રજા જાહેર કરીને એક આવકારદાયક પગલુ ભર્યુ હતું.ત્યારે ટ્રાફિક બ્રાન્ચના ડીસીપી સુધીરકુમાર દેસાઈએ ટ્રાફિક બ્રાન્ચમાં ફરજ બજાવતા પોલીસ કર્મીની આઠ કલાકની ડ્યુટીમાં બે કલાકના વધારો ઝીંકી દઈ ૧૦ કલાકની ડ્યુટીનો આદેશ કરતા ટ્રાફિક બ્રાન્ચના પોલીસ કર્મીઓના ગણગણાટ શરૂ થઈ ગયો છે. ડીસીપી (ટ્રાફિક)એ જારી કરેલા આદેશમાં જણાવ્યા મુજબ ટ્રાફિક પોઈન્ટ પર ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓને ચાલુ કામકાજના દિવસો દરમિયાન સવારે ૮ થી ૧૩ કલાક અને સાંજે ૧૭ થી ૨૨ કલાક સુધી તેમજ જાહેર રજાના દિવસે સવારે ૯ થી ૧૩ કલાક અને સાંજે ૧૭થી ૨૩ કલાક સુધી ફરજ બજાવવા આદેશ કરવામાં આવ્યો છે. આ અંગે સર્કલ ઈનચાર્જ અને રીજીયન ઈનચાર્જને ફરજીયાત રોજ બરોજ ઓછામાં ઓછા ૨૫ ટકા પોઈન્ટો ચેક કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. ફરજના સમયમાં બે કલાકનો વધારો ઝીંકી દેવતા ટ્રાફિક બ્રાન્ચના પોલીસ કર્મીઓમાં ગણગણાટ શરૂ થઈ ગયો છે.

પાલેજ ટંકારીયા તથા હિંગલ્લા ચોકડીના બિસ્માર માર્ગને વહેલી તકે બનાવવા સ્થાનિક રહીશોએ આવેદનપત્ર આપ્યું



પાલેજ, હિંગલ્લા ચોકડી વાયા ટંકારીયા સુધીનો માર્ગ તાકિદે બનાવવાની માંગ સાથે ગ્રામજનો દ્વારા આવેદન પાઠવ્યું હતું.

સ્થાનિક રહીશોએ રોડ બનાવવા અંગે કલેકટરને આપેલા આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, હાલમાં પણ પાલેજ, ટંકારીયા હિંગલ્લા ચોકડી સુધીનો રસ્તો છેલ્લા ત્રણ વર્ષથ એકદમ ખરાબ હાલતમાં છે. રસ્તાપર બે ફુટ જેટલા ઊંડા ખાડા પડેલા છે. માર્ગ પર હિંગલ્લા,પરીએજ, પારખેત, બાવા રુસ્તમ દરગાહ, ટંકારીયા, ઠીકરીયા, કંબોલી, સીમલીયા, પાલેજ જેવા ગામો આવેલા છે. તથા માર્ગ પર સ્કૂલો ધાર્મિક સ્થળો તથા નાના મોટા દવાખાનાઓ આવેલા છે. આ માર્ગ પર આવતા ગામોના લોકોને ભરૂચ શહેર તથા અન્ય શહેરમાં જવાનો આ માર્ગ મુખ્ય છે તથા ગામોના હજારો બાળકો સ્કૂલ તથા કોલેજ જવા માટેનો તથા નોકરિયાત વર્ગ, ખેડૂતો આ તમામ રસ્તાનો ઉપયોગ કરે છે.આજથી એક વર્ષ પેહલા પાલેજથી સીમલીયા ગામ સુધીનો રસ્તો માર્ગ અને મકાન વિભાગ દ્વારા કામ શરૂ કરાયેલું પરંતુ કોઈ રાજકીય કારણો સર રસ્તાનું કામ અધૂરું છોડી મુકવામાં આવેલું છે. આ માર્ગ પર વખતોવખત ભયંકર અકસ્માતો પણ થાય છે.અને આ રોડ પર આ ત્રણ વર્ષની અંદર ત્રણ થી ચાર માણસોના મૃત્યુ પણ પામ્યા છે. સરકાર દ્વારા તાત્કાલિક હિંગલાથી પાલેજ સુધીના માર્ગનું તાત્કાલિક કામ શરુ કરવામાં નહી આવેતો આ વિસ્તારના લોકો ઉગ્ર આંદોલન સાથે લોકસભાની ચૂંટણીઓનો બહિષ્કાર કરવામાં આવશે એવું રહીશોએ જણાવી કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું.

થરી ગામના ખેતર માંથી મહાકાય બે અજગરો ઝડપાયા

રાજપીપળા : નાંદોદ તાલુકાના થરી ગામે મહાકાય અજગરો એકજ જગ્યાએથી ઝડપાયા હતા , વાઈલ્ડ સેવિયર ક્લબના સભ્યોને ખેડૂત હરનિશ પટેલે ફોન કરતા માઈકલ વસાવા, અનિલ વસાવા અને મેહુલ વસાવા ત્રણેય દોડી જઈ ખેતરનામાં આવી ચઢેલા બે મહાકાય અજગરોને ઝડપવા કવાયત હાથ ધરી એક કલાકની ભારે ઝહેમત બાદ એક અજગર ઝડપાયો અને બીજા કલાક બાદ શોધખોળ કરી ઝાડીમાંથી બીજા અજગર ને ઝડપી પાડ્યો આ અજગરો ૮ ફૂટ લાંબા અને ૧૭ કિલો વજન ધરાવતા હતા .તેને ઝડપી આ ટીમે સુરક્ષિત સ્થળે છોડી મુખ્ય હતા.





